કહ્યું કે, 'હે મુને ! આપના શાપથી વનમાં વિચરવું એ કેટલાં-એક પ્રયોજનને સિદ્ધ કરે છે. તેમાં એક એ છે કે આપના શાપનો જે મેં અંગીકાર કર્યો તેથી સંતોથી સઘળાં માણસો ડરતાં રહેશે, અને એવી રીતે સંતોથી ડરવાથી દિનપ્રતિદિન તેમાં શ્રદ્ધાનો વધારો થશે. ને સંતોમાં શ્રદ્ધા થવી એ જ કલ્યાણ થવાનું કારણ છે. અર્થાત્ તે લોકો આમ વિચાર કરશે કે, જ્યારે સાક્ષાત્ વિષ્ણુને જ સંતનો શાપ સ્વીકારવો પડ્યો, ત્યારે પછી અમારો શો આશરો છે? વળી બીજું, મારા ભક્તોનું જે વાક્ય છે તે મારે અવશ્ય જ સ્વીકારવું પડે છે. કેમકે હું ભક્તોને સ્વાધીન અને ભક્તોને અધીન છું. આ કારણથી મારો ભક્ત સત્યસંકલ્પથી મને જ્યાં આગળ યાદ કરે છે, ત્યાં જ હું તેને જઈ મળું છું. હવે ત્રીજું એ છે કે,તેમને દુઃખ દેનારા જે કામ, ક્રોધ, દંભ ને કપટાદિ રાક્ષસ છે, તેનો નાશ કરવો એ મારા વનગમનમાં મુખ્ય હેતુ છે. કેમકે બીજા સર્વ પ્રસંગોને હું સહન કરી લઉં છું, પરંતુ મારા ભક્તોને જે દુઃખ થાય છે, તે મારાથી સહન થઈ શકતું નથી. આથી અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને માટે મારું વનમાં વિચરવું થયું છે. વળી જે આપે એમ પૂછ્યું કે મને સ્ત્રીની પ્રાપ્તિ કેમ થવા દીધી નહિ? તો તેનું કારણ એ છે કે, જે પુરુષને હું મારી નિર્મળ ભક્તિ આપું છું, તેનાં સ્ત્રી, પુત્ર ને ધન હું પ્રથમથી જ હરી લઉં છું. કેમકે સ્ત્રીપુત્રાદિને પ્રાપ્ત થઈને તે મને ભૂલી જાય છે. એથી મેં તમને સ્ત્રીની પ્રાપ્તિ થવા દીધી નથી. વળી સ્ત્રી તો દોષોનું ઘર છે, તેથી તે વસ્તુ તમારે યોગ્ય નથી. કેમકે તમે તો નિષ્કામ છો.' એવું સાંભળીને નિષ્કામ કર્મરૂપ નારદજી અતિશય આનંદ પામ્યા ને મનમાં જ પ્રભુશ્રીને પ્રણામ કરીને ચાલી નીકળ્યા.

ધર્મરૂપ જટાયુ ગીધને કે તેણે જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીને માટે પ્રાણનો ત્યાગ કર્યો, અને પરમ ગતિ પ્રાપ્ત કરી. અને બીજો આ પણ ગીધ છે કે જે અમે રઘુનાથજીનું કાર્ય કરવા આવ્યા છીએ તે સર્વને ખાઈ જવા ઇચ્છે છે.'

એવી રીતે જટાયુ નામ સાંભળીને વિસ્મય પામીને સત્ત્વ-ગુણરૂપ સંપાતિ પૂછવા લાગ્યો કે, 'જટાયુ કોણ હતો અને અને તેણે કેવી રીતે પ્રાણોનો ત્યાગ કર્યો, અને તમે કોણ છો, ને અહીં કેમ આવ્યા છો?' જ્યારે અંગદ પાસેથી સઘળી વાત સાંભળી લીધી ત્યારે સંપાતિએ સમુદ્રતીરે જઇને પોતાના ભાઇને તિલાંજલિ દીધી. અને અંગદાદિને કહ્યું કે, 'હું સત્ત્વગુણરૂપ સંપાતિ અને ધર્મરૂપ જટાયુ બંને સગા ભાઈ મહા બળવાન અને પરસ્પરમાં પ્રીતિવાળા હતા. સંત લોકો અમારો ત્યાગ કરતા નહોતા. અને અમે પણ સર્વ પ્રકારે તેમની રક્ષા કરતા હતા. પણ પછી એવા સંતો થવા લાગ્યા કે જેઓ હું સત્ત્વગુણરૂપ સમ્પાતિ અને ધર્મરૂપ જટાયુનો ત્યાગ કરીને રજોગુણી ને તમોગુણી અધર્મરૂપ પ્રવૃત્તિ કરવા લાગ્યા. અર્થાત્ માયિક પદાર્થોમાં યુક્ત થયા, અને સનાતનધર્મની મર્યાદાને તજીને મનસ્વી કાર્ય કરવા લાગ્યા. તથા જીવ જે ઈશ્વરનો અંશ છે તેને અનાદિ, નિત્ય, અનેક ને સ્વતંત્ર અર્થાત્ ઉત્પત્તિ રહિત પ્રતિપાદન કરવા લાગ્યા. તેઓએ પતિમના સ્ત્રીઓના પતિવ્રતધર્મનું ખંડન કરવાનો વિચાર કર્યો. ઇત્યાદિ બીજા પણ અનેક અનર્થ છે કે જેને હું ક્યાં સુધી કહું? કેમકે આ એકેક શ્વાસ અમૂલ્ય છે. એટલા માટે અસત્પુરુષોને તજીને તેમના દુરાચારનું વર્ણન કરવું એ કંઈ ઉચિત વચનો નથી. તેમનાં આચરણથી લોકોમાં એવું કારણ પણ કે તેમને ગુરુ બનાવીને અનેક મનુષ્યો મોક્ષની

સૂર્યના તેજથી મારી પાંખો બળી જવાથી હું પૃથ્વી પર પડી ગયો, અને પછી હું દુઃખી થઇને આ સ્થળે આવી પડયો. જ્યારે ત્રણ દિવસ પછી મને ભાન આવ્યું ત્યારે એક સંતનાં દર્શન થયાં. તેમણે અનેક પ્રકારની યુક્તિથી મને સમજાવ્યો અને કહ્યું કે તું અહીં જ પડ્યો રહે. સાક્ષાત્ નારાયણે જીવ-રૂપ દશરથ રાજાના ઘરમાં અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોનો નાશ કરવાને માટે પોતાના જ્ઞાનસ્વરૂપને પ્રકટ કર્યું છે. અને મહા-માયા શાંતિરૂપિણી સીતા થયેલ છે. તે સીતાજીને અજ્ઞાનરૂપ રાવણ છળીને લઇ જશે ત્યારે સંતોષરૂપ સુગ્રીવની આજ્ઞાનુ-સાર અક્રોધરૂપ અંગદાદિ ઘણાએક વાંદરા સીતાજીને શોધ-વાને માટે આવશે. તેમનાં દર્શન કરવાથી તારું કલ્યાણ થશે. તે મહાનુભાવ મુનિનું વચન આજે સાચું પડયું. હવે તમે સર્વ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી પર વિશ્વાસ રાખો. તે જ સર્વ કાર્ય સિદ્ધ કરશે. વળી જે હું કહું છું તે ચિત્ત સાવધાન રાખીને સાંભળો. શાંતિરૂપિણી સીતાજીને અજ્ઞાનરૂપ રાવણ છળીને લઇ ગયો છે, તે રાવણ શંકારૂપી લંકાનો રાજા છે, કે જેની ચારે તરફ આધારૂપ સમુદ્ર મનોરથરૂપી જળથી ભરેલો છે. તે સ્થાને જવું અત્યંત દુર્લભ છે. અને કદાચ કોઇ જઇ પહોંચે તો પણ ત્યાંથી પાછું આવવું જ કઠણ છે. કેમકે તેની રચના એવી વિચિત્ર છે કે ત્યાં જઈને તો નિજસ્વરૂપનો બોધ રહેતો જ નથી કે હું કોણ છું અને કયાંથી આવ્યો છું. તેથી પછી ત્યાંના રાગાદિ રાક્ષસ તેને મારીને ખાઈ જાય છે. હે રામદૂત! જે કોઈ પુરુષ ત્યાં જઈ શકશે તેને સીતાજીનાં દર્શન થશે.'

ધૂળભરમાં નાશ કરી દેશે. એટલા માટે તમે સીતાજીને લઈને અહંકારને તજી તેમને શરણે જાઓ. વળી જો તમને તમારી શૂરવીરતાનું અભિમાન છે તો તમને યોગ્ય હતું કે રઘુનાથજીની સાથે સંગ્રામ કરી તેમને જીતીને સીતાજીને લાવવાં હતાં. ચોરી શા માટે કરી? ચોરને કોઈ શૂરવીર કહેતું નથી. હે ભ્રાતા! તમારાં મોટાં ભાગ્ય જ હતાં કે જેથી તમને ભગવાન શ્રીરામચંદ્રે જોયા નહિ. પણ જો તમે તેમની નજરે પડી જાત તો [illegible]ને તે જ સમયે પરદારાહરણનું પ્રત્યક્ષ જ ફળ મળી જાત. [illegible] રીતે માછલી લોભાધીન થઈને લોટ લગાડેલા કાંટાવાળી [illegible]ી ગળી જાય છે, પણ પાછળથી તે લોટ જ તેનો પ્રાણ[illegible] થાય છે, તેવી રીતે જ્ઞાનસ્વરૂપ રઘુકુળભૂષણની પત્ની [illegible]સ્વરૂપિણી સીતાને તમે તમારું મૃત્યુ કરીને લાવેલા છો.

'તમારી આ પ્રવૃત્તિમાં દુઃખ સિવાય સુખનો લેશ પણ [illegible] હવે જો તમારાથી અજાણતાં આ અપરાધ થયો છે તો [illegible] રક્ષા કરનારા જે રઘુનાથ છે તેમની પાસે સીતાજી[illegible] નમ્રતાપૂર્વક મારી સાથે ચાલો, હું તમારો અપરાધ કરાવી દઈશ. કેમકે રામચંદ્ર એવા દયાળુ છે કે જો કોઈ [illegible] કેવી હોય ને તે પાછો તેમને શરણે આવે તો [illegible] જ કરે છે. જેવી રીતે કર્મરૂપ જયન્ત રઘુનાથજીનો [illegible] હતો તો પણ જ્યારે તે તેમને શરણે આવ્યો ત્યારે [illegible] પ્રભુજીએ પોતાના શરણાગતરક્ષક ભાવપૂર્વક તેનો [illegible] જ કરી લીધો. એવી રીતે તમે અહંકાર તજીને [illegible] ચાલો. વળી મેં તમને [illegible] કહ્યું અને [illegible] અભિમાન છે [illegible] જ્ઞાનસ્વરૂપ [illegible]

[illegible]

[illegible]

રાવણનો સઘળો બાગ નષ્ટભ્રષ્ટ કરી દીધો અને અનેક રાક્ષસોનો પણ નાશ કર્યો. જ્યારે અજ્ઞાનરૂપ રાવણે આ વૃત્તાંત સાંભળ્યું ત્યારે તેણે રાગરૂપ મેઘનાદને મોકલ્યો. તે સત્સંગરૂપ હનુમાનજીને પકડીને લઈ ગયો. અર્થાત્ તે માયારૂપી લંકાની શોભા જોઈને હનુમાનજી રાગ પામી ગયા. જ્યારે થોડા વખત પછી સત્ત્વગુણરૂપ સમ્પાતિના વચનનું સ્મરણ કર્યું ત્યારે લંકારૂપ લંકાને બાળીને અક્રોધરૂપ અંગદાદિ સઘળા વનચરો સહિત જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની સેવામાં આવી પહોંચ્યા; અને પ્રણામ કરીને હનુમાનજી કહેવા લાગ્યા કે, 'હે સ્વામી! જેના પર આપની કૃપા થઈ જાય છે તે પુરુષ શું કરી શકતો નથી? અર્થાત્ સર્વ કાંઈ કરવાને સમર્થ છે. એ તો આપની આજ્ઞા મેળવી નહોતી. નહિ તો અજ્ઞાનરૂપ રાવણ સહિત સઘળા રાક્ષસોનો નાશ કરીને માતાજી શાંતિરૂપિણી શ્રીજાનકીજીને લઈને આપનાં દર્શન કરત.'

એવાં તેનાં વચન સાંભળીને શ્રીરામચંદ્રજીએ હનુમાનજીને ગળે વળગાડ્યા અને ઘણા પ્રસન્ન થયા, અને જે વખતે હનુમાનજીએ સીતાજીનો શ્રદ્ધારૂપી ચૂડામણિ આપ્યો, ત્યારે શ્રીરામચંદ્રજીએ અતિ હર્ષિત થઈને ચૂડામણિ હૃદયમાં ચાંપી દીધો, અને પૂછ્યું કે, 'સીતાજી પ્રસન્ન તો છે ને?' ત્યારે હનુમાનજીએ કહ્યું કે 'હે નાથ! સીતાજી સ્વભાવથી જ નબળાં શરીરવાળાં હતાં, પણ આપના વિયોગથી તો તેમનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું છે.' આ વચન સાંભળીને તે જ વખતે શ્રીરામચંદ્રજીએ સઘળી સેના સહિત લંકા પર ચઢાઈ કરી, અને સમુદ્રતટ પર જઈને ઊભા રહ્યા. તે વખતે વિહિત કર્મરૂપ વિભિષણ અજ્ઞાનરૂપ રાવણને સમજાવવા લાગ્યો કે, 'જુઓ, રામચંદ્રજી મનુષ્ય નથી, તે તો ...ત્ પરબ્રહ્મ છે, તેથી તમે તેની સાથે શત્રુતા કરો નહિ. ...વે તે સમુદ્રને સામે કિનારે આવી ગયા છે. તે સઘળી લંકાનો

હુ આજ્ઞા આપું તો તે જ વખતે સમગ્ર પૃથ્વી વનચર અને મનુષ્યોથી શૂન્ય કરી દે. વળી હું એવો શક્તિવાન છું કે જેટલા વરુણકુબેરાદિ દેવતા છે તે સઘળા મારા દ્વાર પર નિરંતર હાથ જોડીને ઊભા રહે છે તે તને જ્ઞાત જ છે. ત્યારે પછી મારી સન્મુખ રામલક્ષ્મણ બાળકો, અને પાંદડાં ને ફૂલ ખાનારાં વનચર કેવી રીતે ઊભાં રહી શકશે? અરે તું મારા બળને જાણતો નથી. આજ કાલ મારા ભયથી સર્વ દેવતા, ઋષિમુનિ, રાજા, મનુષ્ય, પશુ ને પક્ષી ત્રાહિ ત્રાહિ કરી રહેલાં છે. અરે નીચ! જા ભાગી જા. મારી આંખો આગળથી દૂર થા, નહિ તો આ જ વખતે રઘુનાથની પ્રશંસા કરવાની દક્ષિણા તને મળી જશે.'

એવાં તિરસ્કાર યુક્ત વચનો સાંભળીને પરમભક્ત વિહિત કર્મરૂપ વિભીષણ ત્યાંથી ઊઠતાં ઊઠતાં કહેવા લાગ્યો કે, 'હે રાક્ષસરાજ! તમે મારા મોટા ભાઈ હોવાથી પિતા સમાન છો. તેથી મેં તમારું કલ્યાણ ઇચ્છયું હતું. પરંતુ તમે માન્યું નહિ. સારું, હવે હું જાઉં છું.' એ પ્રમાણે કહીને વિહિત કર્મરૂપ વિભીષણ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને શરણે આવી પહોંચ્યો. અને છેટે ઊભો રહીને જ બે હાથ જોડીને પ્રણામ કરીને કહેવા લાગ્યો કે, 'હે જગદીશ્વર જ્ઞાન-સ્વરૂપ રઘુકુળભૂષણ! અજ્ઞાનરૂપ રાવણ જે આપનો શત્રુ છે તેનો હું નાનો ભાઈ* વિહિત કર્મરૂપ વિભીષણ આપને

* [illegible] પ્રથમ અજ્ઞાન થાય છે ત્યારે પછી કર્મોનું વિધાન [illegible] અજ્ઞાનના થવાથી જ કર્મોની સિદ્ધિ થાય છે. આ [illegible] અજ્ઞાનરૂપ [illegible] થયા, ને પછી વિહિત કર્મ- [illegible] અજ્ઞાન નાનો [illegible] છે, અને [illegible]

શરણે આવ્યો છું. અર્થાત્ મેં અજ્ઞાનરૂપ રાવણને ઘણો જ સમજાવ્યો કે તું શાંતિરૂપિણી સીતાજીને લઈને જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીને શરણે જા. પરંતુ તે દુષ્ટે માન્યું નહિ, પરંતુ ઊલટો મારો તિરસ્કાર કર્યો. એટલા માટે હું ત્યાંથી ચાલ્યો આવ્યો છું. હવે હું આપને શરણે છું, મારું રક્ષણ કરો.' એવી જાતનાં વિહિત કર્મરૂપ વિભીષણનાં વચન સાંભળીને મહાબુદ્ધિમાન સંતોષરૂપ સુગ્રીવ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી પાસે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો કે, 'હે નાથ! દુષ્ટ માયાવી રાવણનો આ ભાઈ છે, તેનો વિશ્વાસ કરવો ન જોઇએ.' એવું સાંભળીને અંતર્યામી ભગવાનશ્રી મલકીને કહેવા લાગ્યા કે, 'હે સુગ્રીવ! મારો આ સ્વભાવ છે કે જે કોઇ શુદ્ધચિત્ત ને નિષ્કામ થઇને એક વાર પણ એવું કહી દે છે કે હું તમારે શરણે છું, તો તેની હું અવશ્ય જ રક્ષા કરું છું, અને આ તો મારો પૂર્ણ ભક્ત છે, એમાં સંશય નથી. એને શીઘ્ર જ મારી પાસે લઇ આવો. હું તેને આ જ વખતે શરણે આવ્યાનું ફળ આપવા ઇચ્છું છું. અર્થાત્ સમુદ્રનું જળ લાવો તેથી હું હમણાં તેને લંકાનો રાજ્યાભિષેક કરું છું.' એવી રીતે કહીને જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીએ વિભીષણને લંકાનું રાજ્ય સહજમાં જ દઈ દીધું, કે જેને રાવણે અતિ મુશ્કેલીથી મેળવ્યું હતું.

શ્રીમાન્ જ્ઞાનસ્વરૂપ રઘુનાથજી અજ્ઞાનરૂપ રાવણ પર વિજય મેળવવામાં હેતુભૂત ગુરુરૂપ શિવને જાણીને રામેશ્વર નામથી મહાદેવજીને વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠિત કરીને વિવેકરૂપ લક્ષ્મણ, સંતોષરૂપ સુગ્રીવ, અને વિહિત કર્મરૂપ વિભીષણ સહિત તેમની સ્તુતિ કરવા લાગ્યા. જે મનુષ્ય આવી રીતે શિવ-ગુરુનું પૂજન ને ધ્યાનાદિ કરશે તે જ મનુષ્ય આશારૂપી સમુદ્રથી પાર થઇને અજ્ઞાનરૂપ રાવણનો નાશ કરી શાંતિને પ્રાપ્ત થશે. પણ જે ગુરુથી વિમુખ રહેશે તે કદાપિ શાંતિને પ્રાપ્ત કરી શકશે નહિ. એમ કહીને જ્ઞાનસ્વરૂપ શ્રીમાન્ રામચંદ્રજીએ આશારૂપ સમુદ્ર પર પોતાની લીલારૂપ પુલ બાંધ્યો. અર્થાત્ આશારૂપ સમુદ્રથી પાર થવાનો પુલ શ્રીરામચંદ્રજીની લીલાનું જે કોઇ પણ સ્મરણ અને ધારણ કરશે તે જ પુરુષ આશારૂપી દુર્ઘટ સમુદ્રથી સહજમાં જ પાર થઈ જશે.

હવે પેલી તરફ મતિરૂપ મંદોદરીએ પણ અજ્ઞાનરૂપ રાવણને સમજાવ્યો કે, 'હે સ્વામી ! એમને રાજાના પુત્ર સમજો નહિ, આ તો સાક્ષાત્ પરમાત્મા છે. જુઓ, આજ શાંતિરૂપિણી સીતાજીને માટે આપ પણ જનકપુરમાં ગયા, પરંતુ આપથી અહંકારરૂપ ધનુષ ટળ્યું નહિ. તેમજ ત્યાં સમગ્ર પૃથ્વીના રાજા પોત-

પોતાનાં બળ પરાક્રમને હારી ગયા, પરંતુ મનુષ્ય કોઈથી પણ ઊપડયું નહિ. અને આમના પ્રકાશમાત્રથી જ અહંકારરૂપ મનુષ ક્ષીણ થઈ ગયું. ત્યારે પછી તેને મનુષ્ય કેમ સમજે છો ? વળી જુઓ, જે જનકનંદિની પર આપની કુદૃષ્ટિ છે, તે આ સાક્ષાત્ શાંતિ છે, તેને કામાતુર સ્ત્રી સમજો નહિ. કેમકે જે સ્ત્રીને જોઈને સારા પુરુષનું ચિત્ત પણ ચલાયમાન થઈ જાય તે સ્ત્રીને દુષ્ટ કામી જાણવી જોઈએ. પણ જે સ્ત્રીને જોવાથી દુર્બુદ્ધિ પુરુષનું ચિત્ત પણ ચલાયમાન થાય નહિ તે સ્ત્રી પતિવ્રતા કહેવાય છે. જુઓ, આપ અહીંથી ઘણી વાર તેનું સતભંગ કરવાની ઇચ્છાથી ગયા, પરંતુ ત્યાં જતાં જ તેમના દર્શનથી આપને શાંતિ થઈ ગઈ. અર્થાત્ તેના પ્રકાશથી કાંઈ કહેવાને શક્તિમાન થયા નહિ. વિચાર કરવાનો વિષય છે કે જો કોઈ તુચ્છ પુરુષની સ્ત્રીને પણ કોઈ મનુષ્ય પોતાની કહી શકતો નથી, ત્યારે ભલા, પછી સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીની સ્ત્રી શાંતિરૂપિણી સીતાજીમાં તમે પત્નીભાવના કરો છો, તેનું ફળ કોણ જાણે શું થવાનું છે ? એટલા માટે મારી આપ આગળ વારંવાર આ જ પ્રાર્થના છે કે આપ નિષ્કપટ ચિત્તવાળા થઈને સીતાજીને સાથે લઈને શ્રીરામચંદ્રજીનાં ચરણોમાં જઈને પડો, નહિ તો શ્રેય થશે નહિ. કેમકે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, રાગ, દ્વેષ ને સુખદુઃખાદિ, દેવતા અને પશુપક્ષીઓના શરીરમાં પણ થાય છે. પરન્તુ મનુષ્ય શરીર તો કેવળ જ્ઞાનની પ્રાપ્તિને માટે જ છે. તેથી જો કોઈ પુરુષ સંસારબંધનથી છૂટવાને માટે મનુષ્યશરીરને પ્રાપ્ત કરીને અમૃત જ્ઞાન સમ્પાદન કરતો નથી પણ વિષયોમાં જ આસક્ત રહે છે, તે પુરુષ જીતેલી બાજીને જરા જેટલી ચતુરાઈની ચૂકમાં હારી જાય છે. હે નાથ ! જે પુરુષ નેત્રો વડે

હીન છે, તે કૂવામાં પડતો હોય તો નેત્રવાળો પુરુષ તેને કહે
છે કે આ કૂવો છે તેમાં પડો નહિ. પણ જ્યારે નેત્રવાળો
મનુષ્ય જાણીજોઇને કૂવામાં પડે છે ત્યારે તેને કોઇ પણ
કહેતું નથી, કિન્તુ તેને પડતો જોઇને અદ્ભુત ચરિત્ર સમ-
જીને સર્વ પુરુષો મઝા જુએ છે. હે પ્રાણનાથ! આપના જ
શ્રીમુખથી ઘણીવાર એવું સાંભળવામાં આવ્યું છે કે વેદમાં
એવાં એવાં અનેક વાક્ય છે કે 'एकमेवाद्वितीयम्' 'नेहनानास्ति
किंचन' એક જ એક અદ્વિતીય બ્રહ્મ છે, બ્રહ્મથી ભિન્ન કંઇ
પણ નથી. અને જે શરીરાદિ પદાર્થ બ્રહ્મથી ભિન્ન પ્રતીત
થાય છે તે સર્વ મૃગતૃષ્ણાના જળની પેઠે મિથ્યા છે. એવાં
જે પરમ કલ્યાણરૂપ વેદમાં વાક્ય છે તે શું પાન કરવા યોગ્ય
નથી? અવશ્ય જ પાન કરવા યોગ્ય છે. અર્થાત્ જ્યારે આપ
વેદશાસ્ત્રનાં વચનોથી નિશ્ચય કરી ચૂકયા છો કે એક આત્મા જ
રાગદ્વેષ ને સુખદુઃખથી રહિત સત્ય છે, અને શરીરાદિ
સર્વ પદાર્થ જડ દુઃખરૂપ મિથ્યા છે, ત્યારે પછી અસત્ય
દેહને માટે આવો અનર્થ કેમ કરો છો કે જગદીશ્વર સચ્ચિ-
દાનંદ જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીની અનાદિ શક્તિ શાંતિરૂપિણી
સીતાજીમાં સ્ત્રીભાવના કરો છો? શું એનું ફળ કંઇ સારું
થશે? કદાપિ સારું થશે નહિ. હે સ્વામી! હૃદયમાંથી શત્રુ-
ભાવનાનો ત્યાગ કરીને જેને શરણાગત પ્રિય છે એવા રઘુ-
નાથજીને જઇને મળો. અર્થાત્ શાંતિરૂપિણી જનકનંદિનીને સાથે
લઇને જાઓ અને પ્રાર્થના કરીને તમારો અપરાધ ક્ષમા કરાવો.
[illegible] લોકના પ્રાણઘાતથી અને પરલોકમાં યમદંડથી બચશો.
[illegible] નાથ! સર્વના હૃદયમાં જે અંતર્યામીરૂપે વ્યાપક થઇ
[illegible] સ્વામી છે, તેમને ભક્તિ વડે જે પુરુષ શરણા-
[illegible] ને અધ્યાત્મ, અધિભૂત, ને અધિદૈવ દુઃખરૂપ

તપેલા તેલની ગાગરીમાં પડેલાને કાળરૂપ રસોઇયો તૃષ્ણારૂપી કડછીથી પકાવ્યા કરે છે. હે સ્વામી! આ સમય જો આપ મારું કહ્યું માનશો નહિ, તો આવી જ રીતે થશે કે જેવી રીતે કોઈ પુરુષ અગ્નિમાં પોતાને બળી રહેલો જોઈને કોઈના કહેવાથી નીકળતો ન હોય. અર્થાત્ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીથી વિમુખ થવું તે બળતા અગ્નિમાં પ્રવેશ કરવા સમાન છે. હે પતિ! હજી પણ કાંઈ બગડી ગયું નથી. આ દાસીનું કહ્યું માનીને નષ્ટ થઈ જવાની નિશાની જે જાનકી લાવ્યા છો તેને લઈ જઈને રામચંદ્રજીના શરણાગત થાઓ."

એવાં વચન સાંભળીને અત્યંત ક્રોધથી જેનાં નેત્ર લાલ થઈ ગયાં છે એવો અજ્ઞાનરૂપ રાવણ કહેવા લાગ્યો કે, 'તું તો સ્ત્રી છે. તેથી સ્ત્રીઓના જેવી તુચ્છ વાતો કરે છે. એમ કહીને રાવણે તેનો પણ તિરસ્કાર કર્યો. આ તરફ આનંદપૂર્વક વિલાસ કરતા કરતા શ્રીરામચંદ્રજી લંકાની પાસે જઈ પહોંચ્યા. તે વખતે મર્યાદાપુરુષોત્તમ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ ધર્માનુસાર અજ્ઞાનરૂપ રાવણ પર એક પત્ર લખી આપીને અક્રોધરૂપ અંગદને મોકલ્યો.

તે વખતે પણ તે દુષ્ટ રાવણ અહંકારયુક્ત વચનો જ બોલ્યો. પછી અંગદજીએ પણ ઘણો જ સમજાવ્યો કે જુઓ ત્યાંનો એક મોકલેલો વાંદરો આવ્યો હતો, કે જેણે સર્વ લંકા બાળી દીધી. ભગવાનશ્રીના ભયથી તમને માર્યા નહિ. માટે તમે તેની સાથે વેર ન કરો. વળી જુઓ તે તો પ્રકાશરૂપ છે. જેના નામ માત્રથી જ પથ્થરની શિલા સમુદ્રમાં તરતી થઈ ગઈ તેની સાથે વેર કરીને પછી આધાર જ કોનો છે? એવું સાંભળીને પણ તેણે અનેક કુતર્કો કર્યા. તે વખતે અક્રોધરૂપ અંગદે સભામાં પોતાનો પગ મૂકીને કહ્યું કે હું તેમના શૂરવીરોનો સેવક છું,

મેઘનાદની આસક્તિરૂપી શક્તિથી વિવેકરૂપ લક્ષ્મણજી મૂર્છિત થઈ ગયા છે. પરંતુ સત્શાસ્ત્રરૂપ દ્રોણગિરિ નામનો એક પ[ર્વત] છે તેમાં સ્મૃતિરૂપ સંજીવન ઔષધિ છે. તે લક્ષ્મણજીને તો તે નિજસ્વરૂપને પ્રાપ્ત થઈ જાય.' એવાં તેનાં વચન સાંભળ[ી] શ્રીરામચંદ્રજીએ મસ્તક ઊંચું કરીને જોયું તો સત્સંગરૂપ [હનુ]માનજી પ્રણામ કરીને ચાલી નીકળ્યા, અને માર્ગમાં કપટ [રૂપ] કાળનેમિ આદિ અનેક રાક્ષસોનો ધ્વંસ કરીને દ્રોણગિરિ જઈ પહોંચ્યા.

ત્યાં જઈને જુએ છે તો સકળ વાક્યરૂપ ઔષધિઓ નિ[જ] સ્વરૂપની સ્મૃતિ કરાવનારી છે એમ જણાયું. અર્થાત્ સત્[-] આત્મા તેની પ્રાપ્તિ કરાવનારું જે વેદાંતશાસ્ત્ર તેમાં બે પ્રકાર[નાં] વાક્ય છે, એક તો વિધિવાક્ય, અને બીજાં નિષેધવાક્ય. જે વિશેષને સત્માન્યરૂપતા બોધન દ્વારા નિઃસામાન્ય વિ[શેષ] વસ્તુનાં ઉપસ્થાપક વાક્ય તે વિધિવાક્ય છે, અને જે વિશે[ષને] નિષેધરૂપતા બોધનદ્વારા નિઃસામાન્ય વિશેષ વસ્તુનો ઉપ[સ્થા]પક વાક્ય છે તે નિષેધવાક્ય છે. સામાન્ય નામ સર્વદે[શીનું] છે અને વિશેષ નામ એકદેશીનું છે. અર્થાત્ સર્વદેશી ચૈ[તન્ય] સામાન્ય છે, અને એકદેશી સંસાર નિષેધ છે. કહેવાનો [ભાવ] આ છે કે વિશેષ જે સંસાર તેને સામાન્ય ચૈતન્યરૂપતા બો[ધન] દ્વારા નિઃસામાન્ય વિશેષ વસ્તુરૂપ આત્માનું ઉપસ્થાપક જે વ[ાક્ય] છે તે વિધિવાક્ય છે. જેમકે "सर्वं खल्विदं ब्रह्म" અર્થાત્ [સર્વ] બ્રહ્મ છે—આ વિધિવાક્ય છે અને બીજું વિશેષરૂપ જે સં[સાર] તેને નિષેધરૂપતા બોધનદ્વારા નિઃસામાન્ય વિશેષ વસ્તુ આત્માનું જે ઉપસ્થાપક વાક્ય છે. તે નિષેધવાક્ય છે. જે[મકે] "नेति नेति" એટલે એ પ્રમાણે નહિ, એ પ્રમાણે નહિ—[આ] નિષેધવાક્ય છે. એવા ભાવથી વેદાંતશાસ્ત્રમાં બે પ્રકાર

સત્સંગ આપનો દાસ છું. ત્યાં આપ જ્ઞાનવૈરાગ્યાદિ સઘળા આપોઆપ જ આવીને ઊભા રહેશો.' એવી રીતે કહીને હનુમાનજી ત્યાંથી ચાલી નીકળ્યા. અને આવીને શ્રીરામચંદ્રજીને પ્રણામ કર્યા. જ્યારે વિવેકરૂપ લક્ષ્મણજીને નિજસ્વરૂપની સ્મૃતિ થઇ ત્યારે મૂર્છા નિવૃત્ત થઇ ગઇ અને તેમણે ઊઠીને શ્રીરામચંદ્રજીને નમસ્કાર કર્યા.

શ્રીરામચંદ્રજી પણ તેમને છાતી સાથે ચાંપી અતિ આનંદિત થયા. શ્રીરામચંદ્રજીની સેનામાં પણ આનંદમંગળ થવા લાગ્યું. આ પ્રકારની વાર્તા જ્યારે દુર્બુદ્ધિ અજ્ઞાનરૂપ રાવણે સાંભળી કે વિવેકરૂપ લક્ષ્મણજી ફરી સાવધાન થઇ ગયા છે, ત્યારે તે અત્યંત શોક પામ્યો. પછી રાવણે ક્રોધરૂપ કુંભકર્ણને જગાડ્યો. તે સમયે કુંભકર્ણે પણ તેને ઘણો જ સમજાવ્યો કે 'હે ભ્રાતા ! એમની સાથે વેર કરવામાં સાર નથી. જુઓ લોભરૂપ વાલીથી તો તમે અધિક બળવાન નથી. તેને તેમણે એક જ બાણથી મારી નાખ્યો, ત્યારે પછી તમારું શું ગજું ?

'વળી એક સમયની વાર્તા હું તમને કહું છું તે તમે સાંભળો. હે રાજન્ ! એક દિવસ મુનિઓમાં શ્રેષ્ઠ નિષ્કામ કર્મરૂપ નારદજી મને મળ્યા. જ્યારે મેં તેમને નમસ્કાર કરીને પૂછ્યું કે આપ ક્યાંથી પધારો છો, ત્યારે નારદજી બોલ્યાઃ 'હે ક્રોધરૂપ કુંભકર્ણ ! હું દેવતાઓની સભામાંથી આવું છું. ત્યાં આજ તું ક્રોધરૂપ કુંભકર્ણ અને અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોનો નાશ કરવાનો યત્ન કરવામાં આવ્યો છે. અર્થાત્ તમારાથી દુઃખી થયેલા સમદમાદિ ઋષિઓ અને બ્રહ્માદિ દેવો સૌએ મળીને સાક્ષાત્ નારાયણ પાસે પ્રાર્થના કરી છે. તેની પ્રાર્થનાનો સ્વીકાર કરીને અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને માટે જીવરૂપ રાજા દશરથના ઘરમાં નારાયણે પોતાના જ્ઞાનસ્વરૂપને પ્રકટ

કરેલું છે.' હે ભ્રાતા! તે મુનિનાં વચનોને સાંભળતાં જ મારી તો રઘુકુળભૂષણ રામચંદ્રમાં પરમાત્મભાવના થઈ ગઈ. તેથી જ મેં તમને પ્રથમ પણ ઘણા સમજાવ્યા હતા કે રઘુનાથજી જ્ઞાનસ્વરૂપ છે, અને સીતાજી શાંતિરૂપ છે, અને તે જ જ્ઞાનનો અંશ વિવેકરૂપ લક્ષ્મણ છે. એટલા માટે તમે તેમની અનાદિ શક્તિ સીતાજીમાં કુદૃષ્ટિ કરો નહિ, નહી તો નાશ પામશો. પરંતુ તમે માન્યું નહિ અને ઊલટો મારો તિરસ્કાર કરીને મદાંધ થઈને સીતાજીને છળવા ચાલ્યા ગયા, તેનું ફળ આ હવે તમે પ્રત્યક્ષ જોઈ રહ્યા છો. હે રાવણ! હું તમને મારા મોટા ભાઈ પિતા સમાન જાણીને કંઈક કહું છું, તે સમજો. આજે સીતારામજીથી સમગ્ર ચરાચર જગત ઉત્પન્ન થયું છે અને એના વડે પાલન થાય છે. તેઓ તે જ સંહાર કરે છે. તેથી તે સર્વના માતાપિતા છે. ત્યારે પછી તમે જગન્માતા જાનકીજીને હરી લાવીને સુખ પામવા ઇચ્છો છો, તે કેવી રીતે થઈ શકશે? કદાપિ થઈ શકશે નહિ. જરા વિચાર કરવા જેવી વાત છે કે આ શરીર મળમૂત્રનું મહા અપવિત્ર પાત્ર છે, તેને માટે તમે આવો અનર્થ કર્યો કે જગન્માતા શ્રીજાનકીજીને તો છળીને લાવ્યા, અને આજ દેહના સંબંધથી તમે તમારા આત્મસ્વરૂપને ભૂલીને દેહાભિમાની થઈને બ્રહ્મહત્યાદિ અનેક પાપ કર્યાં. અને તેમાં હજી પણ તમારી એવી આસક્તિ છે કે જેના અભિમાનથી રઘુનાથજીની પાસે જઈને ન[illegible] અપરાધ ક્ષમા પણ કરાવતા નથી, અને [illegible] વચન [illegible] છો. તેના તમને [illegible] નથી [illegible] પણ [illegible] [illegible]

[illegible]

પણ નુકસાન નથી, કેમકે જો તે ઈશ્વર છે તો મારું કલ્યાણ થઈ જશે, અને જો તે મનુષ્ય હશે તો મને જીતી શકશે નહિ, પરંતુ તમારા બળનો પણ નિશ્ચય થઈ ગયો કે તમે કાયર છો, કેવળ ખાવામાં અને સૂવા માત્રમાં જ તમારી શૂરવીરતા છે.' એવું સાંભળીને કુંભકર્ણ પોતાના ક્રોધસ્વરૂપને ધારણ કરીને યુદ્ધક્ષેત્રમાં આવ્યો. જ્યારે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી ભગવાન સિંહની પેઠે ગાજ્યા, ત્યારે ક્રોધરૂપ કુંભકર્ણ બોલ્યો કે, 'તમે શું ગર્જના કરો છો? તમને તો મેં પ્રથમથી જ જીતી લીધા છે.' અર્થાત્ આ ક્રોધથી જ તમે એક તુચ્છ સ્ત્રીની પાછળ અનેક જીવોની હિંસા કરી, અને ક્ષત્રિય થઈને જરાપણ મનમાં દયા આણી નહિ.' જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ કહ્યું: 'અરે દુષ્ટ! તું શું કહે છે? જરા બુદ્ધિને તો સાવધાન કર. અરે જે સ્ત્રીનું તું નામ લે છે, તે તો મારી અભેદરૂપે અનાદિ શક્તિ છે. તેને કોણ હરી શકે તેમ છે? જો તે જ શક્તિથી તો હું હમણાં થોડી જ વારમાં તારું સર્વસ્વ નાશ કરી નાખું છું. વળી જો તું આમ કહે કે ક્રોધથી તમે જીવોની હિંસા કરી તો તે ક્રોધ અને હિંસા નથી પરંતુ શીલ અને દયા છે; કેમકે એકથી અનેક સજ્જનો દુઃખ પામતા હોય, અને તેના નાશથી તેમને સુખ થાય તેમ હોય તો તે એકનો નાશ કરી નાખવો એ શ્રેષ્ઠ જ છે. 'વળી મારો જ્ઞાનસ્વરૂપ રામચંદ્રનો તો સ્વભાવ જ છે કે કામક્રોધાદિ દુષ્ટોનો વધ કરીને સજ્જનોની રક્ષા કરવી.'

એવી રીતે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ જે સમયે શાંતવાક્યરૂપી બાણ માર્યું કે તરત જ ક્રોધરૂપ કુંભકર્ણ પણ નાશ પામી ગયો. કેમકે જ્ઞાનની આગળ ક્રોધાદિ કેવી રીતે ઊભા રહી શકે?

એવી રીતે જ્યારે રાવણે જોયું કે ક્રોધરૂપ કુંભકર્ણ અને

નોને બોલાવીને વિશ્વામિત્રજીના ચરણોમાં બેસાડી દીધા અને
'હે નાથ ! આ બાળકો આપના ચરણોની કૃપાથી જ આ
દીનને વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થયેલા છે. તેઓ આપના જ છે,
એમાં કાંઇ જ નથી; પરંતુ તેઓ હજી કંઈ જાણતા નથી,
એથી એમનાથી આપનું કયું કાર્ય સિદ્ધ થશે ? આપની જેવી
ઇચ્છા હોય તેમ કરો.' પછી રાજાએ મુનિઓની આજ્ઞા માનવી
એ જ પરમ ધર્મ છે, એમ સમજીને શ્રીરામચંદ્રજી અને
લક્ષ્મણજીને વિશ્વામિત્રજીની સાથે મોકલી દીધા.

પ્રથમ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન રામચંદ્રજી જ્યાં ભ્રાંતિરૂપી
તાડકા રહેતી હતી, ત્યાં આવી પહોંચ્યા. તે શ્રીરામચંદ્રજીને
જોઈને કહેવા મંડી કે, 'અરે બાળકો ! તે કામરૂપ મારીચને નષ્ટ
કરવાનો જે તમારા ચિત્તમાં સંકલ્પ છે, તે સફળ થવાની આશા
છોડીને તમે પાછા ઘેર જાઓ; કેમકે જ્યાં સુધી હું ભ્રાંતિરૂપી
તાડકા જ અહીં રહું છું ત્યાં સુધી કામરૂપ મારીચનો નાશ
થઇ શકશે નહિ. જેવી રીતે છીપમાં પ્રથમ રૂપાની ભ્રાંતિ
થઈ જાય છે, ત્યાર પછી રૂપાની કામના થાય છે; તેવી રીતે
જ્યાં સુધી તે ભ્રાંતિનો નાશ થતો નથી ત્યાં સુધી કામનાની પણ
નિવૃત્તિ થતી નથી. એ જ પ્રમાણે જ્યારે પ્રથમ આત્મામાં સંસાર-
ની ભ્રાંતિ થઇ જાય છે, ત્યારે સંસારી પદાર્થોની કામના પણ
થાય છે, અને જ્યાં સુધી ભ્રાંતિ નાશ પામતી નથી, ત્યાં સુધી
કામના પણ નાશ થઇ શકતી નથી. એટલા માટે જો હમણાં હું
ભ્રાંતિરૂપી તાડકા જ નાશ ન થઈ તો કામરૂપ મારીચ તમારાથી
કદાપિ નાશ થઇ શકશે નહિ. વળી મારો નાશ થવો અસંભવિત
છે. કેમકે હું પ્રવાહરૂપે અનાદિ છું. જ્યારે મારો આદિ જ
નથી ત્યારે પછી અંત કેવી રીતે થઇ શકશે ?'

એવી રીતનાં ભ્રાંતિરૂપ તાડકાના વચન સાંભળીને જ્ઞાન-

મોહરૂપ ખરદૂષણ જેવા શૂરવીર જેમણે મારી નાખ્યા છે તે અવશ્ય જ સાક્ષાત્ ઈશ્વર છે એમાં સંશય નથી. કેમકે કોઈ-પણ મનુષ્યની તો આટલી શક્તિ જણાતી નથી કે જે એને મારે. એવો વિચાર કરીને રાવણ શોકસમુદ્રમાં ગળકાં ખાઈ રહ્યો હતો. એવામાં જ રાગરૂપ મેઘનાદ પણ આવી પહોંચ્યો. મેઘનાદ બોલ્યો કે, 'કેમ ? આટલા બધા શોકનું શું કારણ છે ? હે પિતા ! ભલા, આ નાના નાના બાળકો આપને શું કરી શકે તેમ છે ? હવે આપ જરા મારો ખેલ જુઓ.' એમ કહીને મેઘનાદ રણમાં આવ્યો.

તે વખતે વિવેકરૂપ લક્ષ્મણજીએ રાગરૂપ મેઘનાદનો પણ એક જ બાણથી નાશ કરી દીધો, અને રતિરૂપ સુલોચના પણ મેઘનાદની સાથે સતી થઈ. તે સમયે લંકામાં હાહાકાર વર્તી ગયો. હવે અજ્ઞાનરૂપ રાવણાદિ રહ્યાખહ્યા સર્વ રાક્ષસો કંપવા લાગ્યા. જ્યાર રાવણે શોકાતુર થઈ થઈને આકર્ષણમંત્ર જપીને દ્વેષરૂપ અહિરાવણને બોલાવ્યો, અને સર્વ હકીકત કહી સંભળાવીને કહ્યું કે તેમના નાશની તમે કંઈક યુક્તિ કરો. ત્યારે દ્વેષરૂપ અહિરાવણ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને વિવેકરૂપ લક્ષ્મણજી સહિત છેતરીને પાતાળમાં લઈ ગયો. અર્થાત્ તે સમયે કોઈ કોઈ મંદ બુદ્ધિવાળા પુરુષના ચિત્તમાં એવી કલ્પના થઈ કે શ્રીરામચંદ્રજીને રાક્ષસો સાથે દ્વેષ છે, પરંતુ વાસ્તવમાં દ્વેષ નથી.

પછી સત્સંગરૂપ હનુમાનજીએ દ્વેષરૂપ અહિરાવણને માર્યો અને પોતાના પુત્ર નિરાંભરૂપ મકરધ્વજને પાતાળનું રાજ્ય દઈને શ્રીરામચંદ્રજીને લક્ષ્મણજી સાથે લઈ આવ્યા. જ્યારે રાવણે સર્વ રાક્ષસોને નાશ પામી ગયેલા જોયા, ત્યારે ભાવિના પ્રેર્યો પોતાની મેળે મોટા વેરાગી જાગતો

ગાજતો તે અજ્ઞાનરૂપ રાવણ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી આગળ આવીને ઊભો રહ્યો. અને આવી રીતે વાક્‌યુદ્ધ થવા લાગ્યું. રાવણ બોલ્યો, 'અરે બાળકો! મને મારવાનો જે તમારા મનમાં અભિલાપ છે, તે અભિલાપને હવે તમે કાઢી નાખો. કેમકે મને મારનારો તો કોઈપણ આજ સુધીમાં ઉત્પન્ન થયો નથી; અને જે દિવસે મારો અજ્ઞાનનો નાશ થઈ જશે, તે દિવસે તમે પણ હશો નહિ. તેમજ આ સઘળું દૃશ્ય પણ કંઈ હશે નહિ. કેમકે તે સર્વનું કારણ તો હું અજ્ઞાન જ છું; ત્યારે પછી મારો નાશ થવાથી તે કેવી રીતે હયાત રહી શકે? બસ, હવે તમારું ભલું ઇચ્છતા હો તો પાછે પગલે ઘેર ચાલ્યા જાઓ. બાળક તે વળી રણમા વિજય પામે ખરો કે?'

જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી બોલ્યા, 'અરે, જરા આંખ તો ઉઘાડ! દૃશ્ય છે જ કયાં કે જેનો નાશ તારો નાશ થવાથી સમજે છે, અને જેના હોવાથી તારું હોવું માને છે. અરે, જે પુરુષ ઘટની રક્ષાથી આકાશની રક્ષા અને ઘટના નાશથી આકાશનો નાશ સમજે છે, તે પુરુષ મહામૂર્ખ છે. દૃશ્ય છે કયાં? દૃશ્ય તો કંઇપણ વસ્તુ આદિ અને અંતમાં નથી. તે વસ્તુ મધ્યમા પણ કંઈ નથી. જેવી રીતે મૃગતૃષ્ણાનું જળ અણઉપજેલું ઊપજ્યા જેવું પ્રતીત થાય છે, તેવી રીતે દૃશ્ય પણ વંધ્યાના પુત્રની પેઠે મિથ્યા છે. વાસ્તવમાં કંઇપણ નથી.'

એવું સાંભળીને અજ્ઞાનરૂપ રાવણ કહેવા મંડ્યો, કે હવે બસ તમે તમારાં ધનુષબાણ મને દઇને ઘેર ચાલ્યા જાઓ, તમારું સર્વ વૃત્તાંત જાણવામાં આવી ગયું કે તમે શસ્ત્રવિદ્યાને તો સમજતા જ નથી. કેમકે હજી માતાની પાસેથી આવ્યા છો અને બાળક છો, પરંતુ વેદને પણ જાણતા નથી. કેમકે જો વેદનું પઠન કર્યું હોત તો આમ કહેત નહિ કે સંસાર સસલાના

પશ્યતિ" જે આ એક આત્માને અનેક જુએ છે તે પુરુષ વારંવાર મરે છે ને જન્મે છે. તે એકમાં તમારી અનેક દૃષ્ટિ જ છે: ગર્જના કોણ કરે છે! તમારું તો હોવું જ અસિદ્ધ છે. ગાજ્યે શું થશે ?'

એવી રીતનાં જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીનાં નિર્વાણવાક્યરૂપ બાણોથી અજ્ઞાનરૂપ રાવણ પણ નાશ પામી ગયો, ત્યારે દેવતા પુષ્પોની વૃષ્ટિ કરતા કરતા 'ભગવાન શ્રીરામચંદ્રજીનો જય થાઓ.' એવા શબ્દો કરવા મંડયા. અને સર્વ સેના પણ હર્ષ પામી.

જ્યારે અજ્ઞાનરૂપ રાવણ નાશ પામ્યો ત્યારે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને શાંતિરૂપિણી સીતા પ્રાપ્ત થયાં. શાંતિની પ્રાપ્તિ થવાનું સુખ કહી ન શકાય એવું છે. અર્થાત્ તે ને તેજ જાણે છે કે જે પુરુષ શાંત થાય છે. એવી રીતે આનંદપૂર્વક વિલાસ કરતા કરતા જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ અજ્ઞાનરૂપ રાવણનો નાશ કરીને વિહિત કર્મરૂપ બિભીષણને રાજ્ય આપીને શમદમાદિ સર્વ ઋષિમુનિઓને નિર્ભયપદ પમાડીને શાંતિરૂપિણી સીતાજી સહિત પંચકોશરૂપ અયોધ્યા તરફ ગમન કર્યું.

ઉત્તરકાંડ

તે વખતે થોડે દૂરથી સત્સંગરૂપ હનુમાનજી ને વૈરાગ્યરૂપરૂપ ભરતજીની પાસે મોકલ્યા. જ્યારે ભરતજીએ ભગવાનશ્રીનું આગમન સાંભળ્યું ત્યારે તેઓ પ્રેમમાં મગ્ન થઇને શ્રીરામચંદ્રજીની સામા અવધપુરવાસીઓ સાથે જેવી રીતે રંકોનાં ટોળાં મણિઓની ખાણ લૂંટવા જતાં હોય એવી રીતે ચાલ્યા. આ પ્રમાણે પ્રેમમાં મગ્ન થઇને ભરતજી શ્રીરામચંદ્રજીના ચરણોમાં પડી ગયા અને પછી ઊઠીને ગદ્‌ગદકંઠ થઇને સ્તુતિ કરવા લાગ્યા કે, 'હે જગદીશ્વર! જો કે આપ કારણરહિત શુદ્ધ સચ્ચિદાનંદ વિજ્ઞાનસ્વરૂપ પ્રકૃતિથી પર છો, તથાપિ આપ આપના ભક્તોના કલ્યાણ માટે આપની યોગમાયા વડે અનેક પ્રકારે લીલા કરો છો; કે જેનાં શ્રવણકીર્તનથી બુદ્ધિમાન પુરુષ તો પરમાનંદને પ્રાપ્ત થાય છે, પણ મૂર્ખ પણ આપની ઉપરની ચેષ્ટા જોઇને મોહ પામે છે. વળી આપના સગુણનિર્ગુણ રૂપમાં પણ વાદવિવાદ ત્યાં સુધી જ થયા કરે છે કે જ્યાંસુધી આપને જાણતા નથી. કેમકે આપ તો નથી નિર્ગુણ, તેમ નથી સગુણ. સગુણનિર્ગુણનું દ્રષ્ટા આપનું સ્વરૂપ છે. ત્યારપછી આપ વિષે વાદવિવાદ કેમ બની શકશે? વળી જ્યાં સુધી વાદવિવાદ છે ત્યાં સુધી આપના સ્વરૂપનો બોધ થતો નથી. અર્થાત્ આપનું કંઇપણ સ્વરૂપ નથી. અને સર્વ સ્વરૂપ આપ-

નાં જ છે, પછી વાદવિવાદ કદાપિ બની શકશે નહિ. હે નાથ! આપે ઘણો જ મોટો ઉપકાર કર્યો કે આપના ભક્તોની પ્રાર્થનાનો સ્વીકાર કરીને અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને માટે આપના નિર્ગુણ, નિરાકાર, નિર્વિકાર ને નિષ્ક્રિય સ્વરૂપને પંચકોશરૂપ અયોધ્યાજીમાં જીવરૂપ મહારાજા શ્રી દશરથજીના ઘરમાં નિવૃત્તિરૂપિણી કૌશલ્યાજીદ્વારા સગુણરૂપે જ્ઞાન સ્વરૂપને પ્રકટ કરેલું છે, અને આપની અનાદિ શક્તિ શાંતિરૂપિણી સીતાજી વિદેહરૂપરાજા જનકને ત્યાં પ્રકટ થયેલાં છે. વળી રાગરૂપ મેઘનાદનો નાશ કરવાને માટે આપે આપના જ અંશ વિવેકરૂપ લક્ષ્મણજીને ભક્તિરૂપિણી સુમિત્રાજીદ્વારા પ્રકટ કરેલ છે કે જે મહાન ભાગ્યશાળી પ્રશંસા કરવા યોગ્ય આપના પૂર્ણ ભક્ત છે. વળી તે જ ભક્તિરૂપિણી સુમિત્રાજી દ્વારા આપના અંશ વિચારરૂપ શત્રુઘ્નને પ્રકટ કરેલા છે, તથા મને વૈરાગ્યરૂપ ભરતને પણ આપે આપનો જ અંશ વિષયદોષ-દર્શિસહિત પ્રવૃત્તિરૂપ કૈકેયી મારફત પ્રકટ કરેલો છે.'

એવા પરમકૃપાળુ સ્વરૂપે પ્રકટ થઈને આપે એવી મર્યાદા–પુરુષોત્તમરૂપ લીલા કરી કે પ્રથમ તો વેદરૂપ વસિષ્ઠજીની આજ્ઞાનુસાર વિશ્વાસરૂપ વિશ્વામિત્રજીનો યજ્ઞ સફળ કરવાને માટે આપના પરમ સેવક વિવેકરૂપ લક્ષ્મણજી સહિત ઋષિના આશ્રમની રક્ષા કરી અને માર્ગમાં ભ્રાંતિરૂપ તાડકાને મારીને તેનું કલ્યાણ કર્યું. પછી માનરૂપ મારીચને દૂર કરીને ઋષિનો યજ્ઞ પૂર્ણ કર્યો, અને પછી મુનિની પ્રાર્થનાનો સ્વીકાર કરીને વિદેહરૂપ રાજા જનકને ત્યાં પધાર્યા [illegible] માર્ગમાં પણ તપરૂપ ગૌતમજીની પત્ની [illegible] પોતાના ચરણ[illegible] પાવન કરીને [illegible] જનક[illegible] કરીને [illegible] પ્રત્યક્ષ [illegible]

આપની અભેદશક્તિ શાંતિરૂપિણી સીતાજી સાથે સંયોગ કર્યો. વળી પ્રેમરૂપ પરશુરામજીને શાંતપદમાં સ્થિત કરીને પાછા પંચકોશરૂપ અવધપુરમાં પધાર્યા. પછી આપે એવી લીલા રચી કે આપને પ્રાણોથી પણ અધિક પ્રિય સમજનારી જે વિષયદોષદષ્ટિ સહિત પ્રવૃત્તિરૂપિણી કૈકેયી તેની બુદ્ધિને આપે ફેરવી નાખી. તેથી તેણે માત્ર વિલાસના જ હેતુથી અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને માટે મંત્રીવર સુમંતના અખંડરૂપ રથ પર આરૂઢ થઈને વિવેકરૂપ લક્ષ્મણજી અને શાંતિરૂપિણી સીતાજી સહિત આપને નિર્ભયરૂપ દંડકવનમાં મોકલાવ્યા. ત્યાં બ્રહ્મવિદ્યારૂપ શ્રીગંગાજીના તીર પર જિજ્ઞાસારૂપ કેવટને પવિત્ર કરતા ઉપરામરૂપ ભારદ્વાજ મહર્ષિના સ્થાન પર જઈ ચઢ્યા. તેમને પ્રસન્ન કરીને ઈડા ને પિંગલાનો લય કરી સુષુમ્ણારૂપ ત્રિવેણીમાં સ્નાન કરવા લાગ્યા. ત્યાંથી મુનિવર દમરૂપ વાલ્મીકિજીના આશ્રમે પધાર્યા તેને પવિત્ર કર્યાં અને બધા ઋષિઓને સત્સંગરૂપ અમૃત પાઈને અમર કરતા કૂટસ્થ પદને પામેલા બ્રહ્મવિત્ પુરુષ ચિત્રકૂટમાં તેઓ રહ્યા અને ત્યાં જ કર્મરૂપ જયંતનું અક્રિયરૂપ બાણથી માનભંગ કરવા લાગ્યા. પછી અકર્મરૂપ અત્રિમુનિના આશ્રમે પધાર્યા. ત્યાં અકર્મરૂપ અત્રિમુનિનાં સ્ત્રી ધૃતિરૂપ અનસૂયાજીએ પણ શાંતિરૂપિણી સીતાજીને જગદંબા જાણીને પોતાના વચનને સફળ કરવા માટે થોડો પતિવ્રતધર્મનો ઉપદેશ કર્યો. એવી રીતે સંતોને આનંદ પમાડતા વિકર્મરૂપ વિરાધનો વધ કરીને તેઓ શમરૂપ સુતીક્ષ્ણ બ્રાહ્મણને સંતોષ આપતા મુનિઓમાં શાર્દૂલ અદ્વૈતરૂપ અગસ્ત્યને આશ્રમે પધાર્યા. ત્યાં અદ્વૈતરૂપ અગસ્ત્યજીની ઇચ્છાપૂર્વક ધર્મી પુરુષના હૃદયરૂપ પંચવટીમાં નિવાસ કરવા લાગ્યા. ને જ સ્થાને દુષ્ટ તૃષ્ણારૂપ

શૂર્પણખાને અંગભંગ કરીને મોહરૂપ ખરદૂષણાદિ અનેકાનેક રાક્ષસોનો નાશ કર્યો, અને એવી લીલા કરી કે શાંતિરૂપિણી સીતાજીને પોતાના સ્વરૂપરૂપ અગ્નિમાં લય પમાડી દીધાં. અને પોતાની યોગમાયા વડે સીતાજીને બીજાં કલ્પી લીધાં. તે લીલાને વિવેકરૂપ લક્ષ્મણજી પણ જાણી શક્યા નહિ. પછી જ્યારે તૃષ્ણારૂપી શૂર્પણખાએ પોતાના ભાઈ અજ્ઞાનરૂપ રાવણને જઈને ધિક્કાર દીધો અને મોહરૂપ ખરદૂષણનું મરણ થયાનું સાંભળ્યું, ત્યારે કાળથી પ્રેરણા પામેલો અજ્ઞાનરૂપ રાવણ જગન્માતા શાંતિરૂપિણી સીતાજીને હરી લેવા માટે કામરૂપ મારીચની પાસે ગયો. ત્યાં કામરૂપ મારીચે તેને ઘણો જ ઉપદેશ આપ્યો કે જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીને મનુષ્ય ન સમજો. તેઓ તો સાક્ષાત્ નારાયણ છે. અને જે શાંતિરૂપિણી સીતાજીને છળવા ઇચ્છો છો, તે સાક્ષાત્ જગતના કારણરૂપ અનાદિ શક્તિ છે. તેના માર્યા ભસ્મ થઈ જશો. કેમકે હું તેમના પ્રભાવને આગળ વિશ્વાસરૂપ વિશ્વામિત્રજીના યજ્ઞમાં જોઈ ચૂક્યો છું, એટલા માટે મારી પ્રાર્થનાનો સ્વીકાર કરીને આપ પણ તેની સાથે વેરભાવ કરો નહિ.'

'પરંતુ એવું કહેવા છતાં પણ તે દુષ્ટે માન્યું નહિ, અને કામરૂપ મારીચને મારીને આપે તેનું પણ કલ્યાણ કર્યું, અને અજ્ઞાનરૂપ રાવણે અંગભંગ કરી નાખેલા ધર્મરૂપ જટાયુને અનંતપદ પમાડ્યો. પછી તેઓ સીતાજીની શોધરૂપી માધુર્યલીલા [illegible] કરતાં પ્રીતિરૂપ શબરીની ઇચ્છાને પૂર્ણ કરીને ગંભીરતારૂપ જ[illegible] કે [illegible] હૃદય પૂર્ણ [illegible] છે અને [illegible] [illegible] છે તે [illegible] હૃદય [illegible] [illegible]

રૂપ હનુમાનજી સહિત રહેતો હતો ત્યાં જઈ પહોંચ્યા. ત્યાં લોભરૂપ વાલિનો નાશ કરીને સંતોષરૂપ સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો અને વાલિના પુત્ર અક્રોધરૂપ અંગદને યુવરાજ્યપદે સ્થાપ્યો. વળી તિતિક્ષારૂપ તારાનો ભ્રમ નિવૃત્ત કરીને શુદ્ધચિત્તરૂપ સ્ફટિકશિલા પર નિવાસ કર્યો. ત્યાંથી આપે સત્સંગરૂપ હનુમાન અને અક્રોધરૂપ અંગદાદિ ઘણાએક વાંદરાઓને શાંતિરૂપિણી સીતાજીની શોધ કરવા માટે મોકલ્યા. તે આપના મોકલેલા વાંદરાઓના પવિત્ર દર્શનથી તપઃપુંજરૂપ સ્વયંપ્રભા નામની એક કન્યા અને ધર્મરૂપ જટાયુનો ભાઈ સત્ત્વગુણરૂપ સંપાતિ કૃતાર્થ થયાં. તેનાથી સીતાજીનો પત્તો મેળવીને સત્સંગરૂપ હનુમાનજી આશારૂપ સમુદ્ર કે જે મનોરથરૂપ જળથી પૂર્ણ થઈ રહેલો છે, તે દુર્ઘટ સમુદ્રને કૂદીને શંકારૂપ લંકામાં જઈને વિહિતકર્મરૂપ વિભીષણ સાથે સત્સંગ કર્યો. વળી શાંતિરૂપિણી સીતાજીને આપના કુશળસમાચાર આપી આનંદિત કરીને અનેકાનેક રાક્ષસોને મારીને લંકાને બાળીને સીતાજીની શોધ કરી લાવ્યા અને આપના પરમપ્રિય થયા.

'તે વખતે વિહિતકર્મરૂપ વિભીષણે અજ્ઞાનરૂપ રાવણને ઘણો જ સમજાવ્યો, પરંતુ તેણે ઊલટો વિભીષણનો પણ તિરસ્કાર જ કર્યો. પછી જ્યારે વિભીષણ આપને શરણે આવ્યો, ત્યારે આપે રાવણના મરણ પહેલાં જ તેને લંકાનું રાજ્ય દઈ દીધું. પછી આપે ગુરુરૂપ શ્રીરામેશ્વરનું પૂજન કરીને આશારૂપ સમુદ્ર પર આપની લીલારૂપ પુલ બાંધ્યો અને પાર જઈને આપે આપની દયાળુતાથી અક્રોધરૂપ અંગદને પત્ર દઈને મોકલ્યો. પરંતુ ને મદાંધ રાવણે તેનો સ્વીકાર કર્યો નહિ અને પોતાના પુત્ર રાગરૂપ મેઘનાદને રણમાં મોકલ્યો. તેની આસક્તિરૂપી શક્તિથી વિવેકરૂપ લક્ષ્મણજી મૂર્છિત થઈ ગયા. પછી

વિભીષણના કહેવાથી સત્સંગરૂપ હનુમાનજી લંકામાંથી અનુરાગરૂપ સુષેણ વૈદ્યને ઊંઘતો જ ઉપાડી આવ્યા. તે વિષયાનુરાગરૂપ જે સુષેણ હતો, તે આપ જ્ઞાનસ્વરૂપનાં દર્શન કરીને ભગવતાનુરાગરૂપ થઈ ગયો. જ્યારે સુષેણે મૂર્છા નિવૃત્ત થવાનો ઉપાય બતાવ્યો, ત્યારે સત્સંગરૂપ હનુમાન સત્શાસ્રરૂપ દ્રોણગિરિને મહાવાક્યરૂપ સંજીવની ઔષધી સહિત ઉપાડી લાવ્યા. તેથી વિવેકરૂપ લક્ષ્મણજી સાવધાન થયા. પછી આપે ક્રોધરૂપ કુંભકર્ણને માર્યો અને રાગરૂપ મેઘનાદનો વિવેકરૂપ લક્ષ્મણજીએ સંહાર કર્યો. તથા અન્ય સર્વ રાક્ષસોને મહા બળવાન સંતોષરૂપ સુગ્રીવ આદિ અન્ય વાંદરાઓ મારતા હતા.

'એવી રીતે અજ્ઞાનરૂપ રાવણે જ્યારે સર્વને નાશ પામતા જોયા, ત્યારે આકર્ષણમંત્ર જપીને દ્વેષરૂપ અહિરાવણને બોલાવ્યો. તે દુષ્ટ અહિરાવણ આપ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી અને વિવેકરૂપ લક્ષ્મણજીને છળીને લઈ ગયો. અર્થાત્ તે સમયે કોઈ કોઈ મંદ બુદ્ધિવાળા પુરુષોને એવો ભ્રમ થયો કે શ્રીરામચંદ્રજીને રાક્ષસો સાથે દ્વેષ છે. પરંતુ વાસ્તવમાં આપને કોઈની પણ સાથે દ્વેષ નથી. પછી મહાબળવાન સત્સંગરૂપ હનુમાનજીએ અહિરાવણને પણ માર્યો. અને પોતાના પુત્ર નિર્લોભરૂપ મકરધ્વજને પાતાળનું રાજ્ય આપીને આપને લઈ આવ્યા. પછી જ્યારે આપે અજ્ઞાનરૂપ રાવણનો નાશ કર્યો, ત્યારે સઘળા દેવતા આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ કરતા કરતા 'જય જય' શબ્દ કરવા લાગ્યા.

'હે સ્વામી ! એવી રીતે આપ આપના ભક્તોને માટે નિર્ગુણ [illegible]

ની વાસના પૂર્ણ કરી છે, અને પંચકોશરૂપ અવધપુરને
કર્યું છે. હે નાથ ! આજ મેં મારા ચિત્તમાં એવો
કર્યો હતો કે જો આજ ભગવાનશ્રી પધારશે નહિ, તો
પ્રાણોને તજી દઈશ. પણ આપ અંતર્યામી ભક્તપ્રતિ
ભગવાને મને આજે જ દર્શન દીધાં. એવી દયાળુતાની
કરવાની વાણીમાં શક્તિ નથી.' એવી રીતે સ્તુતિ કરતાં
ગદ્ગદ્ભાવ થઈને વૈરાગ્યરૂપ ભરતજી જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુના
ના ચરણો સાથે ચોંટી ગયા. તે વખતે શ્રીરામચંદ્રજીએ
જીને ઉપાડીને હૃદય સાથે લગાડી દીધા, અને પછી
ઉચિત રીતે મળ્યા. તે સમય વૈરાગ્યરૂપ ભરતજીને જ્ઞાનસ
શ્રીરામચંદ્રજીની પ્રાપ્તિથી જે સુખ થયું તે મન અને વાણ
અવિષય છે.

પછી રામચંદ્રજી રાણીવાસમાં આવીને વનની સર્વ વ
અતિ હર્ષ સહિત કહીકહીને સર્વને આનંદ આપવા લાગ
એવી રીતની આનંદરૂપ લીલા જોઈને વેદરૂપ વસિષ્ઠજીએ વિચ
કર્યો કે: આ અયોધ્યા ઘણા દિવસથી અનાથ થઈ રહી હ
તે હવે શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માની કૃપાથી આ
સનાથ થઈ છે. આ આનંદનું ફળ આજ હોવું જોઈએ
જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને શાંતિરૂપિણી સીતાજી સહિત
રાજ્યતિલક કરી દેવાય. એવો વિચાર કરીને વૈરાગ્યરૂપ ભરત
અને નિવૃત્તિરૂપિણી કૌશલ્યા વગેરે સૌની આગળ વેદરૂપ
વસિષ્ઠજીએ કહ્યું. ત્યારે સૌએ મળીને જ્ઞાનસ્વરૂપ શ્રી રામચંદ્રજી
પાસે પ્રાર્થના કરી તેથી ભગવાનશ્રીએ પણ ગુરુ અને માતાની
આજ્ઞા માનવી એ જ પરમ ધર્મ છે એમ સમજીને તેનો સ્વી-
કાર કર્યો.

તે સમયે રાજ્યાભિષેકને માટે અનેક પ્રકારની સામગ્રી

બેઠી થવા મંડી. હવે રાજ્યાભિષેકની શોભા જુઓ. તે સમયે ભગવાનશ્રી જ્ઞાનસ્વરૂપ રામચંદ્રજી શાંતિરૂપિણી સીતાજી સહિત સિંહાસન ઉપર બિરાજ્યા. એ સિંહાસન ઉપર સુંદર છત્ર શોભી રહ્યું છે, અને વિવેકરૂપ લક્ષ્મણજી હાથમાં પંખો લઈને સિંહાસનના પાછળના ભાગમાં ઊભા ઊભા મંદમંદ શીતળ પવન ઢોળી રહ્યા છે. વૈરાગ્યરૂપ ભરતજી હાથમાં ચામર લઈને ઊભા છે. વિચારરૂપ શત્રુઘ્નજી હાથમાં મોરપીંછ લઈને વિરાજેલા છે, સત્સંગરૂપ હનુમાનજી પણ સિંહાસનની જમણી બાજુએ બન્ને હાથ જોડીને ઊભા છે. સંતોષરૂપી સુગ્રીવ, અક્રોધરૂપ અંગદ ને વિહિતકર્મરૂપ વિભીષણ આદિ અનેક મોટા મોટા યોદ્ધા સિંહાસનની ડાબી તરફ ઊભા છે. નિવૃત્તિરૂપિણી કૌશલ્યાને ભક્તિરૂપિણી સુમિત્રા વગેરે રાણીઓ પણ અતિ હર્ષ પામી રહી છે. વિશ્વાસરૂપ વિશ્વામિત્રજી, રામરૂપ સુતીક્ષ્ણ, દમરૂપ વાલ્મીકિ, ઉપરામરૂપ ભારદ્વાજ, અદ્વૈતરૂપ અગસ્ત્ય, અકર્મરૂપ અત્રિમુનિ ને તપરૂપ ગૌતમજી વગેરે ઘણાએક મહર્ષિઓ સિંહાસન આગળ ઊભા ઊભા સ્તુતિ કરી રહ્યા છે. વેદરૂપ વસિષ્ઠજી ભગવાનશ્રીને તિલક કરી રહ્યા છે. બ્રહ્મા ને વિષ્ણુ આદિ દેવતા પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા છે, અને જય જય શબ્દ થઈ રહ્યો છે. તે સમયે એક તરફ વિરાજેલા કલ્યાણકારક અદ્ભુત શોભાને નીરખીનીરખીને સત, ચિત ને સુખસમુદ્ર પોતાના આત્મામાં શંકર પણ નિમજ્જન કરી રહેલા છે. આ દયાળુનાને જોઈને એવો આનંદ પ્રાપ્ત થયો, કે આગળ કહેવું ભાગવું બની શક્યું નહિ. ને મન મૌન જ થઈ જવું પામ્યું

આત્મરામાયણનું વિવરણ

રામાયણ–આત્મા
અયોધ્યા–પંચકોશ
દશરથ–જીવ
કૌશલ્યા–નિવૃત્તિજન્ય વૃત્તિ
કૈકેયી–વિષયદોષદૃષ્ટિ સહિત પ્રવૃત્તિ
સુમિત્રા–ભક્તિ
રામચંદ્ર–જ્ઞાન
લક્ષ્મણ–વિવેક
ભરત–વૈરાગ્ય
શત્રુઘ્ન–વિચાર
વિશ્વાસ–વિશ્વામિત્ર
વસિષ્ઠ–વેદ
તાડકા–ભ્રાંતિ
મન્ત્ર–ઇશ્વરઆરાધના
મારીચ–કામ
ગૌતમ–તપ
અહલ્યા–ક્ષમા
જનકપુર–સંસાર
જનક–વિદેહ
ધનુષ–અહંકાર
સીતા–શાંતિ
પરશુરામ–પ્રેમ
કુશધ્વજ–કૈવલ્ય

ખરદૂષણ–મોહ
શૂર્પણખા–તૃષ્ણા
જટાયુ–ધર્મ
ઊર્મિલા–નમ્રતા
માંડવી–વિરતિ
શ્રુતકીર્તિ–સમતા
રામચંદ્રસીતા–જ્ઞાન–શાંતિ
લક્ષ્મણ–ઊર્મિલા–વિવેક–નમ્રતા
ભરત–માંડવી–વૈરાગ્ય–વિરતિ
શત્રુઘ્ન–શ્રુતકીર્તિ–વિચાર–સમતા
સુમન્ત–સુકર્મ
રથ–અખંડ
વન–નિર્ભય
શ્રીગંગાજી–બ્રહ્મવિદ્યા
ખારવો–જિજ્ઞાસા
નૌકા–ધારણા
ભારદ્વાજ–ઉપરામ
ત્રિવેણી–ઇડા, પિંગળા, સુષમ્ણા
વાલ્મીકિ–દમ
ચિત્રકૂટ–કૂટસ્થતા
જયંત–કર્મ
ગામુ–અક્રિય
અત્રિમુનિ–અકર્મ

અનસૂયા–ધૃતિ
સુતીક્ષ્ણ–શમ
અગસ્ત્ય–અદ્વૈત
પંચવટી–જિતેન્દ્રિયતા
કપટમૃગ–નામરૂપ
શબરી–પ્રીતિ
પંપાસરોવર–ગંભીરતા
વાલિ–લોભ
હનુમાન–સત્સંગ
તારા–તિતિક્ષા
કન્યા–તપ:પુંજ
સમ્પાતિ–સત્વગુણ
સમુદ્ર–આશા
બિભીષણ–વિહિતકર્મ
મુદ્રા–શ્રીમુખવાક્ય
રામેશ્વર–ગુરુ
મેઘનાદ–રાગ
સુલોચના–રતિ
દ્રોણગિરિ–સત્શાસ્ત્ર
કુંભકર્ણ–ક્રોધ
મકરધ્વજ–નિર્લોભ
નારદ–નિષ્કર્મ
સુગ્રીવ–સંતોષ
અંગદ–અક્રોધ
સ્ફટિકશિલા–શુદ્ધચિત્ત
લંકા–શંકા
જળ–મનોરથ
વાટિકા–અશોક
ચૂડામણિ–શ્રદ્ધા
પુલ–લીલા
શક્તિ–આસક્તતા
સુષેણ–અનુરાગ
સંજીવની–મહાવાક્ય
અહિરાવણ–દ્વેષ
મંદોદરી–મતિ
રાવણ–અજ્ઞાન



ા, એક યુક્તિ છે. તેનો ઉપયોગ કરશો ત્યારે કામનાનો જય
ઈ જશે. તે આ છેઃ "नाहं कामो न मे काम इति कामो
वजीयते।" અર્થાત્ હું કામનાં નથી, અને મારામાં કામના
નથી. આ પ્રકારના નિશ્ચયથી કામનાનો જય થાય છે. એવી
રીતે આપ પણ આપના સ્વરૂપને જુઓ કે આપનું સ્વરૂપ
કામના નથી, તેમ આપમાં કામના નથી, કેમકે કામના મનમાં
થાય છે, અને આપ મનના દ્રષ્ટા છો; અને દ્રષ્ટા દૃશ્યથી પૃથક્
જ હોય છે. આમ જો આપ આપના સ્વરૂપમાં સ્થિર થશો
તો કામરૂપ મારીચનો જય થયેલો જ છે.'

એવું સાંભળીને વિશ્વામિત્રજીએ જ્યારે નિષ્કામતા ધારણ કરી
અર્થાત્ પોતાના નિષ્કામ સ્વરૂપમાં સ્થિત થયા ત્યારે નિજ-
સ્વરૂપાનુભવકથનરૂપ યજ્ઞમૂર્તિનો શંખ વાગ્યો, અને ઇન્દ્રિયગણરૂપ
દેવતા પુષ્પોની વૃષ્ટિ કરતા કરતા 'ભગવાન શ્રીરામચંદ્રજીનો
જયજયકાર થાઓ!' એવા શબ્દો બોલવા લાગ્યા, અને વિશ્વા-
મિત્રજીને પણ અતિ હર્ષ થયો. એ પ્રમાણે થોડા દિવસ સુધી
ત્યાં શ્રીરામચંદ્રજી ઋષિઓને દર્શન દેતા રોકાયા. પરંતુ જ્યારે
ભગવાન અયોધ્યા પધારવા લાગ્યા, ત્યારે વિશ્વામિત્રજીએ
પ્રાર્થના કરી કે, 'હે નાથ! અહીંથી થોડે દૂર વિદેહરૂપ જનક
નામનો એક રાજા છે, તેની શાંતિરૂપિણી સીતા નામની પુત્રી
છે. તેના વિવાહનો સ્વયંવર રચવામાં આવ્યો છે. તે સ્વયંવર-
માં મોટા મોટા શૂરવીર રાજાઓ એકઠા થયા છે. રાજા
જનકની પ્રતિજ્ઞા છે કે જે કોઈ પણ પુરુષ અહંકારરૂપ ધનુષને
તોડશે, તેની સાથે શાંતિરૂપિણી સીતાનો વિવાહ કરીશ. માટે
તેમના યજ્ઞને આપ પણ પધારીને સુશોભિત કરો, અને આપના
પવિત્ર દર્શનથી જનકપુરવાસીઓને કૃતાર્થ કરો.' મુનિનાં એવાં
વચનો સાંભળીને જ્ઞાનરૂપ શ્રીરામચંદ્રજી લક્ષ્મણજી સહિત

રીતે કહીને પ્રણામ કરીને અહલ્યા પોતાના પતિના ધામને પામી, અને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી જનકપુરમાં પધાર્યા.

તે સમયે જનકપુરવાસી અર્થાત્ જનક નામ પિતાનું છે અને પિતા નામ કારણનું છે; અને સર્વનું કારણ અર્થાત્ જનક ઈશ્વર+ છે. તે જનક ઈશ્વરનું પુર અર્થાત્ સ્થાન સંસાર છે.

+ અહીંયાં ઈશ્વર સામાન્ય ચૈતન્યનો બોધક છે, અને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્ર શબ્દ વિશેષ ચૈતન્યનો બોધક છે. કેમકે અજ્ઞાનની નિવૃત્તિ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ વિશેષ ચૈતન્યથી જ થાય છે, સામાન્ય ચૈતન્યથી થતી નથી. હવે જો કે વાસ્તવમાં તો ચૈતન્ય અખંડ આનંદસ્વરૂપ સામાન્ય વિશેષ ભાવરહિત છે, પરંતુ અજ્ઞાનની નિવૃત્તિને માટે સામાન્ય વિશેષ ભાવ અવશ્ય જ માનવો પડશે. કેમકે સામાન્ય ચૈતન્ય અજ્ઞાનનું બાધક નથી. જેવી રીતે સુષુપ્તિમાં સુષુપ્તિનો અનુભવ કરનારું સામાન્ય ચૈતન્ય છે છતાં પણ તે સુષુપ્તિરૂપ અજ્ઞાનનો નાશ કરી શકતું નથી, પણ જ્યારે તે જ સામાન્ય ચૈતન્ય વિશેષરૂપ થાય છે, અર્થાત્ જાગ્રત અવસ્થાનો અનુભવ કરે છે, ત્યારે સુષુપ્તિરૂપ અજ્ઞાનનો નાશ થઈ જાય છે. અથવા જેવી રીતે લાકડામાંનો સામાન્ય અગ્નિ બાળી શકતો નથી, તેવી રીતે સામાન્ય ચૈતન્ય અજ્ઞાનનું નાશક નથી; પણ જેવી રીતે તે જ લાકડામાંનો સામાન્ય અગ્નિ વિશેષરૂપ થઈને તે જ બાળી નાખે છે, તેવી રીતે તે જ સર્વગત સામાન્ય ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ વિશેષરૂપ થઈને કાર્યકારણરૂપ અજ્ઞાનનો નાશ કરી દે છે. હવે લાકડામાં જે સામાન્ય અગ્નિ છે, તે જ આનંદસ્વરૂપ અજ્ઞાનનો હેતુ છે. અર્થાત તેથી જ આપ્ય-

તે અહંકારથી બળવાન કેવી રીતે થઈ શકે ?

હવે જ્યારે રાજા જનકે જોયું કે, અહંકારરૂપ ધનુષ ભાંગી પણ તૂટતું નથી, ત્યારે તેણે સભામાં ... ને ... કે, 'બસ, હવે મને ખાતરી થઈ ગઈ છે ... કોઈ પણ શૂરવીર રહ્યો નથી, અર્થાત્ ... ગ્રસી લીધેલા છે.' આ પ્રકારનાં વચન સાંભ... ...જી ઊભા થઈ કહેવા લાગ્યા કે, ' ... ...મામાં જ્ઞાનસ્વરૂપ ભગવાન શ્રી રામચંદ્રજી ... છે, તે સભામાં અહંકાર કેમ કરીને ઊભો રહી ... સૂર્યની આગળ રાત્રિ કેવી રીતે રહી શકે ? ... ભગવાનશ્રીનો દાસ જે હું વિવેકરૂપ લક્ષ્મણ છું ...વાનશ્રીની આજ્ઞાનુસાર સમગ્ર બ્રહ્માંડને દડાની ... શકું તેમ છું. અર્થાત્ સત્યાસત્યનો વિચાર કરવો ...સ્વરૂપ છે, ત્યારે પછી અસત્ય અહંકાર મારી ... કેમ રહી શકે ? બસ, હવે આપ એવું કહો ન... પર કોઈ પણ શૂરવીર રહ્યો નથી.'

તે વખતે લક્ષ્મણજીનાં એવાં વાક્યો સાંભળીને ...બાલ્યાવસ્થા જોઈને સર્વ રાજાએ ... શ્રીરામચંદ્રજીએ લક્ષ્મણજીને ...

સહસ્રબાહુ વગેરે દુષ્ટ ક્ષત્રિયો લોકોને દુઃખ દેવા લાગ્યા, ત્યારે મેં તેમનો નાશ કરવાને માટે લાંબા વખત સુધી આપની આરાધના કરી, જેથી આપે મારામાં આપની શક્તિને પ્રકટ કરીને તે દુષ્ટાત્માઓનો વધ કર્યો, એવો જે હું તે આપનો જ અંશ છું. તે છતાં મને જ આપની માયાએ એવું આવરણ કર્યું કે આપનું જ્ઞાન થવા દીધું નહિ; ત્યારે પછી અન્ય પુરુષોની શી ગતિ છે કે જે આપની કૃપા વિના આપને જાણવા શક્તિવાન થઈ શકે? હે સ્વામી! આપની માયા એવી વિલક્ષણ છે કે, જે પોતાના સત્ત્વ, રજસ ને તમસ એ ત્રણે ગુણોમાં જ જીવને ભમાવ્યા કરે છે; અને જે પુરુષ પ્રકૃતિના ગુણોમાં આસક્ત છે, અર્થાત્ શબ્દ ને સ્પર્શાદિ વિષયોમાં જ પ્રવૃત્ત રહે છે, તે આપને જાણવાના અધિકારી નથી. હે જ્ઞાનસ્વરૂપ રઘુવંશભૂષણ! આપ જગતની ઉત્પત્તિ, પાલન ને સંહારના કારણરૂપ પૂર્ણપુરુષ વિષ્ણુ છો. વેદો વડે ગવાયેલા જે આપ તે બ્રહ્માદિ દેવતાઓને પણ દુર્લભ છો. હું આપની કૃપાથી આજે આપના તે સ્વરૂપને આ નેત્રોથી જોઈને કૃતકૃત્ય થયો છું.

'હે રઘુનાયજી! જન્મ, મૃત્યુ, વૃદ્ધિ, યુવા ને જરા આદિ વિકાર આપમાં નથી, તેમજ શબ્દાદિ વિષય પણ આપમાં નથી. સત્ત્વ, રજસ ને તમસ એ ત્રિગુણાત્મક માયાથી પર જે આપનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. તેનાં દર્શન કરીને આજ મારો જન્મ સફળ થયો છે; અને મારા ચિત્તમાં જે રાગદ્વેષ હતો, ને જેથી હું વ્યાકુળ થઈને રખડતો ફરતો હતો, તે પણ આપનાં દર્શનથી દૂર થઈ ગયો છે. હવે હું શાંતપદમાં સ્થિર થયો છું. [illegible] માગી આપ પાસે કેવળ એ જ પ્રાર્થના છે કે આપના સ્વરૂપમાં મારી પ્રતિદિન પ્રીતિ વધતી જાય

ઊપજે છે અને જળમાં જ લીન થઈ જાય છે, એવી રીતે આ સર્વ દૃશ્ય આપથી જ ઊપજેલું છે અને આપમાં જ લીન થઈ જાય છે. વળી વિચારદૃષ્ટિથી તો મધ્યમાં પણ કોઈ બીજી વસ્તુ નથી થઈ; કેમકે જ્યારે આદિમાં એક આપ છો અને અંતમાં પણ આપ જ છો, ત્યારે પછી મધ્યમાં બીજો કોઈ પદાર્થ થયો નથી. અર્થાત્ ત્રણે કાળ એક જ્ઞાનસ્વરૂપ આપ જ સત્ય છો, બીજું કોઈ નથી. પરંતુ આપની એવી અદ્ભુત લીલા છે કે જેથી આ જગતજાળ સત્ય જેવી જ પ્રતીત થાય છે. આ જગતજાળમાં પડ્યા પડ્યા જીવ અનેક પ્રકારે દુઃખ પામે છે. જેવી રીતે જાળમાં ફસેલી જે માછલી આમતેમ રખડ્યા કરે છે, તે તો તેમાં જ ફસાઈ ફસાઇને મહા દુઃખ પામે છે, પણ જે માછલી જાળની સર્વ આશાને ત્યજીને જાળીની ભણી ચાલી જાય છે, તે જાળમાંથી નીકળીને સુખી થઈ જાય છે. કેમકે તે જાળ ચારે તરફ તો ફેલાયેલી હોય છે, પરંતુ જાળીની ભણી ફેલાયેલી હોતી નથી. એવી રીતે આપની પાથરેલી જે માયારૂપી જાળ છે તેમાં પડ્યા પડ્યા જીવ અનેક પ્રકારે દુઃખને પામે છે; પરંતુ જે પુરુષ માયિક પદાર્થોના આશ્રયને તજીને કેવળ આપને જ પ્રાપ્ત થઈ જાય છે, તે જ આ માયાજાળથી નીકળીને સુખને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે સંસારસમુદ્રથી પાર થવાનો હેતુ આપનું સ્વરૂપ છે. હે રઘુનાથજી! હવે આપ પાસે મારી કેવળ આ જ પ્રાર્થના છે, કે આપ મને આપની અખંડ અભેદ ભક્તિનું દાન આપો, અને બીજું આપના પરમ સેવક જે જ્ઞાની છે, તેનો મને સદા- કાળ મળ્યા કરે તેમ કરી દો.'

એવી રીતે સ્તુતિ કરીને પ્રેમરૂપ પરશુરામજી અતિ આનંદ પામ્યા અને જ્ઞાનરૂપ નિજસ્વરૂપને પામીને આનંદરૂપ વનમાં ગ...

બાજુ જીવરૂપ રાજા દશરથ તથા વિદેહરૂપ રાજા જનકજી આદિ ઘણા મહીપાળો વિરાજ્યા હતા. તે વખતે ત્યાં આગળ સર્વ મંગળ શુકનો સફળ થવાને માટે પોતાની મેળે આવીને ઊભાં રહ્યાં. તે સમયની શોભાને હું તો શું કહી શકું ? પણ સરસ્વતી અને શેષ સુધ્ધાં જોઈને આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. એવી રીતે જ્યારે આનંદપૂર્વક વિવાહ થઈ ચૂક્યો ત્યારે રાજા દશરથ અને જનકે અમૂલ્ય રત્નોનાં દાન દીધાં. જેવી ઈચ્છાથી જે કોઈ પણ ત્યાં ગયું તે જ ઈચ્છા તેની પરિપૂર્ણ થઈ. પછી રાજા જનકે સઘળી જાનનો યથાયોગ્ય આદરસત્કાર કરીને તેને વિદાય કરી, અને દશરથજી અતિ હર્ષ પામતા પામતા અવધપુરમાં આવી પહોંચ્યા; તથા પંચકોષરૂપ અવધનિવાસી મનુષ્યોમાં પણ નિત્ય નવાં આનંદમંગળ થવા લાગ્યાં. કેમકે જીવરૂપ દશરથ એક તરફ જુએ તો જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી છે, અને બીજી તરફ શાંતિરૂપિણી સીતા છે. એક તરફ વિવેકરૂપ લક્ષ્મણ અને બીજી તરફ નમ્રતારૂપી ઉર્મિલા. એક તરફ વૈરાગ્યરૂપ ભરત અને બીજી બાજુ વિરતિરૂપિણી માંડવી. ને એક તરફ વિચારરૂપ શત્રુઘ્ન અને બીજી તરફ સમતારૂપિણી શ્રુતકીર્તિ છે. એવી રીતે ચારે કુમારોની અદ્ભુત શોભાને નીરખીનીરખીને જીવરૂપ રાજા દશરથ આનંદમગ્ન રહેતા હતા. તે સમયે દેવતાઓએ વિચાર કર્યો કે, જ્ઞાનસ્વરૂપ શ્રીરામ[illegible] [illegible]વતાર તો અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને [illegible] ને અહીં તો કંઈક જુદી જ લીલા મ[illegible]

બાજુ જીવરૂપ રાજા દશરથ તથા વિદેહરૂપ રાજા જનકજી આદિ ઘણા મહીપાળો વિરાજ્યા હતા. તે વખતે ત્યાં આગળ સર્વ મંગળ શુકનો સફળ થવાને માટે પોતાની મેળે આવીને ઊભાં રહ્યાં. તે સમયની શોભાને હું તો શું કહી શકું ? પણ સરસ્વતી અને શેષ સુધ્ધાં જોઈને આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. એવી રીતે જ્યારે આનંદપૂર્વક વિવાહ થઈ ચૂક્યો ત્યારે રાજા દશરથ અને જનકે અમૂલ્ય રત્નોનાં દાન દીધાં. જેવી ઇચ્છાથી જે કોઈ પણ ત્યાં ગયું તે જ ઇચ્છા તેની પરિપૂર્ણ થઈ. પછી રાજા જનકે સઘળી જાનનો યથાયોગ્ય આદરસત્કાર કરીને તેને વિદાય કરી, અને દશરથજી અતિ હર્ષ પામતા પામતા પુરમાં આવી પહોંચ્યા; તથા પંચકોષરૂપ અવધનિવાસી લોકોમાં પણ નિત્ય નવાં આનંદમંગળ થવા લાગ્યાં. કેમ જીવરૂપ દશરથ એક તરફ જુએ તો જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી છે, અને બીજી તરફ શાંતિરૂપિણી સીતા છે. એક તરફ વિવેકરૂપ લક્ષ્મણ અને બીજી તરફ નમ્રતારૂપી ઉર્મિલા. એક તરફ વૈરાગ્યરૂપ ભરત અને બીજી બાજુ વિરતિરૂપિણી માંડવી. ને એક તરફ વિચારરૂપ શત્રુઘ્ન અને બીજી તરફ સમતારૂપિણી શ્રુતકીર્તિ છે. એવી રીતે ચારે કુમારોની અદ્ભુત શોભાને નીરખીનીરખીને જીવરૂપ રાજા દશરથ આનંદમગ્ન રહેતા હતા. તે સમયે દેવતાઓએ વિચાર કર્યો કે, જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીનો અવતાર તો અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોના નાશને માટે ધર્યો છે, ને અહીં તો કંઈક જુદી જ લીલા થવા માંડી છે.

રાદિ બધા પદાર્થો પરપોટાની પેઠે નાશવંત છે, તેથી પછી કોણ જાણે આ આનંદ જોવાનો મળે કે ન પણ મળે. માટે ઉતાવળ કરવી યોગ્ય છે.' એવી રીતે જ્યારે રાજાએ વસિષ્ઠજીની સંમતિ જોઈ, ત્યારે અતિ હર્ષપૂર્વક તેમણે વસિષ્ઠજીને કહ્યું કે, 'મહારાજ! હવે આપ રઘુનાથજીની આગળ આ પ્રમાણે કહી આવવા કૃપા કરો કે કાલે આપનો રાજ્યાભિષેક થવાનો છે.'

એવું સાંભળીને વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને ભવને પધાર્યા. ત્યાં શ્રીરઘુનાથજીના ભવનની આગળ આવેલા ત્રણ દરવાજા સુધી તો વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને ગયા, પરંતુ આગળ રથ ચાલી શક્યો નહિ. ત્યારે શબ્દરૂપ રથને પડતો મૂકીને પોતે એકલા જ ગયા. શ્રીરામચંદ્રજીના સ્થાનકને ચાર કોટ છે. એક કર્મ, બીજો ઉપાસના અને ત્રીજો વૃત્તિરૂપ જ્ઞાન. આ ત્રણ કોટના સ્થાનક સુધી તો વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને ગયા, પરંતુ રઘુનાથજીનું જે વાસ્તવિક સ્વરૂપ છે, તે રૂપી જે ચોથો કોટ છે ત્યાં શબ્દરૂપ રથ પહોંચી શક્યો નહિ. કેમકે તે સ્વરૂપ મન-વાણીનો અવિષય ને અનુભવગમ્ય છે. એથી શબ્દદ્વારા ત્યાં કોઈ પણ પહોંચી શકતું નથી. અર્થાત્ વેદ, કર્મ, ઉપાસના અને જ્ઞાન—આ ત્રણનું જ કથન કરે છે, પરંતુ શ્રીરઘુનાથના સ્વરૂપને તો વેદ પણ કહી શકતા નથી તે સ્વરૂપની પ્રાપ્તિ ત્યારે થાય છે કે જ્યારે તે જ રઘુનાથજીની કૃપાથી તે સ્વરૂપને જાણનારા બ્રહ્મનિષ્ઠ ગુરુની પ્રાપ્તિ થાય. કેમકે તે પદ તો અનુભવગમ્ય છે, બુદ્ધિનો પણ વિષય નથી. તેથી વેદરૂપ વસિષ્ઠજી રથ પર બેસીને ગયા નહિ, પણ પગે ચાલીને [illegible] ગયા. તે [illegible] વસિષ્ઠજીને આવતા [illegible] પ્રણામ

રાહિ બધા પદાર્થો પરપોટાની પેઠે નાશવંત છે, તેથી પછી કોણ જાણે આ આનંદ જોવાનો મળે કે ન પણ મળે. માટે ઉતાવળ કરવી યોગ્ય છે.' એવી રીતે જ્યારે રાજાએ વસિષ્ઠજીની સંમતિ જોઈ, ત્યારે અતિ હર્ષપૂર્વક તેમણે વસિષ્ઠજીને કહ્યું કે, 'મહારાજ! હવે આપ રઘુનાથજીની આગળ આ પ્રમાણે કહી આવવા કૃપા કરો કે કાલે આપનો રાજ્યાભિષેક થવાનો છે.'

એવું સાંભળીને વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને ભવને પધાર્યા. ત્યાં શ્રીરઘુનાથજીના ભવનની આગળ આવેલા ત્રણ દરવાજા સુધી તો વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને ગયા, પરંતુ આગળ રથ ચાલી શક્યો નહિ. ત્યારે શબ્દરૂપ રથને પડતો મૂકીને પોતે એકલા જ ગયા. શ્રીરામચંદ્રજીના સ્થાનકને ચાર કોટ છે. એક કર્મ, બીજો ઉપાસના અને ત્રીજો વૃત્તિરૂપ જ્ઞાન. આ ત્રણ કોટના સ્થાનક સુધી તો વેદરૂપ વસિષ્ઠજી શબ્દરૂપ રથ પર આરૂઢ થઈને ગયા, પરંતુ રઘુનાથજીનું જે વાસ્તવિક સ્વરૂપ છે, તે રૂપી જે ચોથો કોટ છે ત્યાં શબ્દરૂપ રથ પહોંચી શક્યો નહિ. કેમકે તે સ્વરૂપ મન-વાણીનો અવિષય ને અનુભવગમ્ય છે. એથી શબ્દદ્વારા ત્યાં કોઈ પણ પહોંચી શકતું નથી. અર્થાત્ વેદ, કર્મ, ઉપાસના અને જ્ઞાન—આ ત્રણનું જ કથન કરે છે, પરંતુ શ્રીરઘુનાથના સ્વરૂપને તો વેદ પણ કહી શકતા નથી. તે સ્વરૂપની પ્રાપ્તિ ત્યારે થાય છે કે જ્યારે તે જ રઘુનાથજીની કૃપાથી તે સ્વરૂપને જાણનાર બ્રહ્મનિષ્ઠ ગુરુની પ્રાપ્તિ થાય. કેમકે તે પદાર્થ અનુભવગમ્ય છે, બુદ્ધિનો પણ વિષય નથી. તેથી વેદરૂપ વસિષ્ઠજી રથ પર બેસીને ગયા નહિ, પણ પગે ચાલીને જ પોતે ગયા. તે સમયે વસિષ્ઠજીને આવતા જોઈને જ્ઞાનસ્વરૂપ રઘુનાથજી સામા [illegible] અને પ્રણામ

ભાનુકુલભૂષણ ! હું આપને સારી રીતે જાણું છું, પરંતુ આ રહસ્ય પરમ ગુપ્ત રાખવા જેવું છે તેથી કોઈને સંભળાવવા યોગ્ય નથી. હે રઘુનાથ ! હું આપના રાજ્યાભિષેકના શુભ સમાચાર લાવ્યો છું. કાલે આપનો રાજ્યાભિષેક થશે. આ શુભ સમાચાર સાંભળીને મને પુરોહિત જાણીને કાંઈ દક્ષિણા દેવી હોય તો એવી દક્ષિણા આપો જેથી આપની વિશ્વમોહિની જે માયા છે, તે મને આવરે નહિ. કેમકે તે માયા એવી વિચિત્ર છે કે જેણે બ્રહ્માદિ દેવતાઓને પણ મોહ પમાડી દીધા છે, પણ તે આપને અધીન છે. એટલે આપ એવી કૃપા કરો કે તે માયા મને અડચણ કરી શકે નહિ. હે રઘુનાથજી ! હું આપના સ્વરૂપને આપની કૃપાથી જ જાણું છું. મારાથી આપ કેવી રીતે છુપાવી શકશો ? પણ આપ જે આ પ્રમાણે કહો છો કે હું આપના ચરણોદકને લઈને કૃતાર્થ થયો છું, તે તો લોકોને ઉપદેશ આપવા માટે આપનો વિલાસ છે. વળી આપને તે માયા આચ્છાદિત કરી શકતી નથી, કેમકે તે આપને આશ્રયે છે. જેવી રીતે અગ્નિની દાહકશક્તિ અગ્નિનો દાહ કરી શકતી નથી, તેવી જ રીતે આપની માયા આપને આવરણ કરી શકતી નથી. આપ સર્વથી જુદા શ્રેષ્ઠ શુદ્ધ સ્વરૂપ છો; પરંતુ આપે જે મનુષ્યલીલા કરી છે, તેથી અમારે પણ એ પ્રમાણે જ કરવું યોગ્ય છે. હે રઘુનાથજી ! હવે આપ રાજ્યાભિષેકને માટે વ્રત કરજો. અર્થાત્ આજ રાત્રે મહામાયા સીતાજી સહિત બ્રહ્મચર્યપૂર્વક કુશાસન પર પૃથ્વી ઉપર શયન કરજો, અને પ્રાતઃકાળે રાજા દશરથજીની પાસે પધારજો.'

આ પ્રમાણે, કહીને વશિષ્ઠજી રાજા દશરથજીની પાસે જઈને રાજ્યાભિષેકને માટે પ્રાતઃકાળની આજ્ઞા આપીને સંધ્યોપાસનાદિ કર્મ કરવાને માટે ચાલ્યા ગયા. પછી ભૂપરૂપ દશરથજી-

નીકળી ગયો હતો, ત્યારે તે છિદ્રમાં મેં મારો હાથ નાખીને પૈડાને નીકળી જતું અટકાવ્યું હતું, પરંતુ તે આપના જાણવામાં નહોતું. જ્યારે આપ રાક્ષસોનો નાશ કરી ચૂક્યા, ત્યારે આપે જોયું અને મને કહ્યું કે, હે ભદ્રે! તેં આ વખતે મારી ઘણી જ રક્ષા કરી છે, હું તારા ઉપર બહુ જ પ્રસન્ન છું, જે તારી ઇચ્છા હોય તે માગી લે. હું સર્વ કાંઈ દેવાને સમર્થ છું. જ્યારે આપે એવી પ્રતિજ્ઞા કરી ત્યારે મેં કહ્યું: હે સ્વામિન્! મને બે વર આપો, અને તે આપની જ પાસે જમા રાખો, જ્યારે મારી ઇચ્છા થશે, ત્યારે હું માગી લઈશ. એવું સાંભળીને આપે તે વાત સ્વીકારી લીધી. તો હવે આપ તે સમયને યાદ કરો. તે બન્ને વર હું આજે આપ પાસેથી લેવા ઇચ્છું છું. માટે આપને તે અવશ્ય આપવા પડશે. તેમાં એક તો આ છે કે જ્ઞાનસ્વરૂપ રામચંદ્રજીને ચૌદ વર્ષનો વનવાસ આપો; કેમકે જ્યાં સુધી આપ હું પ્રવૃત્તિરૂપ કૈકેયીમાં આસક્ત છો, ત્યાં સુધી આપને જ્ઞાન શોભા આપશે નહિ. આ કારણથી આપ જ્ઞાનસ્વરૂપ રામચંદ્રજીનો ત્યાગ કરીને વૈરાગ્યરૂપ ભરતજીને રાજ્ય આપો. અર્થાત્ જ્યાં સુધી આપ પ્રથમ વૈરાગ્યાદિ સાધનસંપન્ન થશો નહિ ત્યાં સુધી જ્ઞાનના અધિકારી થઈ શકશો નહિ.

આવા મહાભયંકર શબ્દને સાંભળીને અને પોતાની પ્રતિજ્ઞાને વિચારીને રાજા દુઃખના સમુદ્રમાં ગોથાં ખાવા લાગ્યા. અને આ તરફ રામચંદ્રજીના જાણવામાં પણ આવી ગયું કે મને વનમાં જવાની રાજાએ આજ્ઞા આપી છે. તે આજ્ઞાને પરમ પ્રિય જાણીને તેઓ અતિ હર્ષથી રાણીવાસમાં આવ્યા અને લક્ષ્મણજીને કહ્યું કે, 'હે ભ્રાતા! હું તો મહારાજા શ્રીદશરથની આજ્ઞાનુસાર વનમાં જાઉં છું, તું પછવાડે મહારાજા દશરથજીની અને સર્વ માતાઓની સેવા કરજે.' આ

વાત સાંભળીને મર્યાદાપુરુષોત્તમ જ્ઞાનસ્વરૂપ
જીએ કહ્યું: 'અરે ભાઈ! મૂંગો રહે. એવું બોલ
ે મહારાજશ્રી તો મારા ઇષ્ટદેવ છે. હે ભાઈ!
માતાપિતાની જે કાંઈ પણ પ્રવૃત્તિ હોય છે તે
અને પુત્રને કલ્યાણકારક જ હોય છે. તેથી મને
બ્રહ્મલોકની સમાન જ છે. પણ જે પુરુષ ગુરુ
પિતાને દોષ દે છે, તે બ્રહ્મહત્યારો છે. એટલા માટે
ઈ પણ સંકલ્પ કરીશ જ નહિ; નહિ તો મોટો અનર્થ
હે રઘુવંશીઓમાં શાર્દૂલ! હું તારા પ્રભાવને જાણું
સર્વશક્તિમાન છે અને મારો હિતકર્તા છે. પરંતુ
તારે ક્રોધ કરવાનો નથી. વળી બીજું એ કે, જો આ
હોય તો તારું ક્રોધ કરવાનું કાર્ય પણ સફળ થાય;
ર્વ તો પ્રપંચ છે. જેવી રીતે મેઘમંડળમાં વીજળી
ાં પ્રતીત થઈને વિલાઈ જાય છે, તેવી જ રીતે ધન,
આયુષ્ય સર્વ ક્ષણભંગુર છે. જેવી રીતે જળને કિનારે
પશુપક્ષી જળ પીવાને માટે આવે છે અને પાણી
ાતાને માર્ગે પડે છે, તેવી રીતે સ્ત્રી, પુત્ર, ભાઈ,
દેહ—આ સર્વનો સંબંધ છે. જ્યારે આ સર્વ સ્થિર
ારે પછી તારે ક્રોધ કરવો નિષ્ફળ છે.

નાગેશ! જો, કેવો આશ્ચર્યનો વિષય છે કે સર્પના
પકડાયેલો દેડકો પાસેના મચ્છરને ખાવા ઇચ્છે છે, પરંતુ
નિકટ ઊભેલા મૃત્યુને તે જોતો નથી! એવી રીતે
સર્પના મુખમાં પકડાયેલો પુરુષરૂપ દેડકો ભોગોને
ઇચ્છે છે, અને પોતાના મૃત્યુનો વિચાર કરતો નથી!
મૂર્ખાઈથી ભોગને માટે અનેક શુભાશુભ કર્મ કરીને
ળરૂપી ફાંદામાં ફસાઈ જાય છે, અને વિચાર કરતો નથી

આવી વાત સાંભળીને મર્યાદાપુરુષોત્તમ જ્ઞાનસ્વરૂપ રામચંદ્રજીએ કહ્યું: 'અરે ભાઈ! મૂંગો રહે. એવું બોલ નહિ, કેમકે મહારાજાશ્રી તો મારા ઇષ્ટદેવ છે. હે ભાઈ! ગુરુ અને માતાપિતાની જે કાંઈ પણ પ્રવૃત્તિ હોય છે તે સર્વ શિષ્ય અને પુત્રને કલ્યાણકારક જ હોય છે. તેથી મને તે વન પણ બ્રહ્મલોકની સમાન જ છે. પણ જે પુરુષ ગુરુ અને માતાપિતાને દોષ દે છે, તે બ્રહ્મહત્યારો છે. એટલા માટે ચિત્તમાં કાંઈ પણ સંકલ્પ કરીશ જ નહિ; નહિ તો મોટો અનર્થ જ થશે. હે રઘુવંશીઓમાં શાર્દૂલ! હું તારા પ્રભાવને જાણું છું. તું સર્વશક્તિમાન છે અને મારો હિતકર્તા છે. પરંતુ આ સમય તારે ક્રોધ કરવાનો નથી. વળી બીજું એ કે, જો આ પદાર્થ સત્ય હોય તો તારું ક્રોધ કરવાનું કાર્ય પણ સફળ થાય; પણ આ સર્વ તો પ્રપંચ છે. જેવી રીતે મેઘમંડળમાં વીજળી ક્ષણ વારમાં પ્રતીત થઈને વિલાઈ જાય છે, તેવી જ રીતે ધન, બળ ને આયુષ્ય સર્વ ક્ષણભંગુર છે. જેવી રીતે જળને કિનારે અનેકાનેક પશુપક્ષી જળ પીવાને માટે આવે છે અને પાણી પીપીને પોતાને માર્ગે પડે છે, તેવી રીતે સ્ત્રી, પુત્ર, ભાઈ, મિત્ર ને દેહ—આ સર્વનો સંબંધ છે. જ્યારે આ સર્વ સ્થિર નથી, ત્યારે પછી તારે ક્રોધ કરવો નિષ્ફળ છે.

'હે નાગેશ! જો, કેવો આશ્ચર્યનો વિષય છે કે સર્પના મુખમાં પકડાયેલો દેડકો પાસેના મચ્છરને ખાવા ઇચ્છે છે, પરંતુ પોતાની નિકટ ઊભેલા મૃત્યુને તે જોતો નથી! એવી રીતે કાળરૂપ સર્પના મુખમાં પકડાયેલો પુરુષરૂપ દેડકો ભોગોને ભોગવવા ઇચ્છે છે, અને પોતાના મૃત્યુનો વિચાર કરતો નથી! પોતાની મૂર્ખાઇથી ભોગને માટે અનેક શુભાશુભ કર્મ કરીને જન્મમરણરૂપી ફાંદામાં ફસાઇ જાય છે, અને વિચાર કરતો નથી

નિવેદન

આ "આત્મરામાયણ" એ રામકથા તો છે; પરંતુ સાથે સાથે વેદાંતના અટપટા અને ગૂંચવણભર્યા વિષયોનું સાદી ને સરળ ભાષામાં સ્પષ્ટીકરણ કરનારો અને આત્માપરમાત્માના સ્વરૂપનું સૂક્ષ્મ અને તલસ્પર્શી નિરૂપણ કરનારો જ્ઞાનમાર્ગનો મનન કરવા યોગ્ય સુંદર ગ્રંથ છે. જ્ઞાનના સાગરને નાનકડી ગાગરમાં ભરી દેવામાં આવ્યો હોય એવી આ નાનકડી ચોપડી લાગે છે.

આ પુસ્તકના લેખક એક પુણ્યાત્મા બ્રાહ્મણ હતા. ગુજરાતીનું થોડુંક પ્રાથમિક ભણતર ભણીને એમણે જીવિકાના સાધન અર્થે શિક્ષકનો નિર્દોષ ને પવિત્ર ધંધો સ્વીકાર્યો. જ્ઞાન, ચારિત્ર્ય ને સેવાની ઉપાસના પણ એમણે ચાલુ રાખી. વેદાંત ને વૈદકના ગ્રંથોનો અભ્યાસ કર્યા જ કર્યો ને શિક્ષક મટી એ વૈદ્ય બન્યા. સારા વૈદ્ય તરીકે ખ્યાતિ પણ મળી, દર્દીઓની સેવાશુશ્રૂષા અને દવાદારૂ દેવાનું કામ એ પરમ ધર્મ સમજીને કરતા; પ્લેગના અનેક દર્દીઓને એમણે સાજા કર્યા હતા.

બુદ્ધિનો પ્રભાવ, સારી વિચારશક્તિ અને ગુજરાતી ભાષા ઉપરનો કાબૂ એ જાણે એમને કુદરતી બક્ષિસરૂપે પ્રાપ્ત થયાં હતાં. તેઓ બ્રહ્મનિષ્ઠ મહાત્મા નથ્થુરામ શર્મા પ્રત્યે આકર્ષાયા હતા અને તેમની પાસેથી શિષ્યભાવે શાસ્ત્રો તથા વેદાંતનું પદ્ધતિસર શિક્ષણ લીધું હતું. અસાધારણ બુદ્ધિશક્તિવાળા એ બ્રાહ્મણપુત્રે આત્મજ્ઞાનનાં વીસપચીસેક પુસ્તકો લખ્યાં. પણ લખીને એમણે તરત છપાવી નાખવાની દોડધામ કરી નહોતી.

. હે ભાઈ! કામ, ક્રોધ, લોભ, મોહ ને અહંકાર—આ પાંચે
ત્રુ વધ કરવા યોગ્ય છે; માટે તેમને અવશ્ય જ મારવા જોઈએ.
ટલે હવે ક્રોધ શાંત કરીને મને જલદીથી વન જવાનું કહે,
ક જેથી મહારાજશ્રી પોતાની પ્રતિજ્ઞાને પડતી મૂકે નહિ.

આ પ્રકારનાં જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીનાં વચનો સાંભળીને
વિવેકરૂપ લક્ષ્મણજી શ્રીરઘુનાથજીના ચરણોમાં ઢળી પડ્યા,
અને ભગવાનશ્રીએ પણ તેમને ઉપાડીને છાતી સાથે ચાંપી દીધા.
પછી સાવધાન થઈને લક્ષ્મણજીએ કહ્યું: 'હે જગદીશ્વર સચ્ચિ-
દાનંદ! મને જે ભ્રમ થયો હતો તે તો આપશ્રીના ચરણોની
કૃપાથી દૂર થઈ ગયો છે, પરંતુ આ દીનની પ્રાર્થના સ્વીકારી-
ને મને આપની સાથે જ લઈ લો, નહિ તો આપના વિયોગ-
થી મારો વિનાશ થઈ જશે. હે નાથ! મારી માતા ભક્તિ-
રૂપિણી સુમિત્રા આપને પ્રાણોથી પણ વિશેષ માને છે, તે આ
વાત સાંભળતાં જ પ્રાણ તજીને વૈકુંઠવાસ કરશે. હે સ્વામી!
પછી તે આપને ક્યાં જોશે? હે નાથ! બીજું ગમે તેમ થાય,
પરંતુ આપ મને સાથે જ લઈ લો. હે પ્રભો! હું તો આપનો
સેવક છું, મને તજશો નહિ. કેમકે હું વિવેકરૂપ લક્ષ્મણ તો
આપના પધારવા પહેલાં જ અંતઃકરણની શુદ્ધિને માટે પ્રાપ્ત
થાઉં છું. ત્યાર પછી આપ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીનો ઉદય
થાય છે. એવી આ દાસને ચરણોમાં જ રાખો.'

ત્યાર પછી શ્રીરામચંદ્રજીએ સીતાજીને કહ્યું કે, 'તમે
મહારાજાશ્રી અને માતુશ્રીની આજ્ઞાનુસાર રહેજો અને તેમની
સેવા કરજો. મને મહારાજાશ્રીની વન જવાની આજ્ઞા થઈ છે.'
સીતાજીએ કહ્યું: 'હે ઈશ્વર! જેવી રીતે સૂર્યથી પ્રકાશ,
ચન્દ્રમાથી ચાંદની, ને મેંદીથી રતાશ પૃથક્ થઈ શકતાં નથી,
તેવી રીતે હું પણ આપથી ભિન્ન રહી શકું તેમ નથી. જ્યાં

ગગાડી લીધો. તે પછી કેવટ કહેવા લાગ્યો કે, 'હે
ાથ! મારી નૌકા ઘણી જ શ્રેષ્ઠ અને નવીન છે. આપ તેમાં
રાજો, હું આપને સામે પાર પહોંચાડવા આવીશ.' એમ
ોલતો બોલતો શ્રીરામચંદ્રજીને ઘાટ પર પધરાવી લાવ્યો
મને પોતાનાં કુટુમ્બીઓને પણ બોલાવીને શ્રીરામચંદ્રજીનાં
ાવન દર્શનથી પવિત્ર કરી લીધાં. જ્યારે શ્રીરામચંદ્રજીને
ૃક્ષની નીચે દર્ભના આસન પર શાંતિરૂપિણી સીતાજી સહિત
રાતે શયન કરતાં જોયાં, ત્યારે તે કેવટ મોહ પામીને દુઃખના
સમુદ્રમાં ગળકાં ખાવા લાગ્યો. તે વખતે દીનબંધુ અંતર્યામી
જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ વિવેકરૂપ લક્ષ્મણજીને આજ્ઞા આપી
કે, 'તમે આને મારા વાસ્તવિક સ્વરૂપનું ભાન કરાવો.'

આથી વિવેકરૂપ લક્ષ્મણજી કહેવા લાગ્યા કે, 'હે જિજ્ઞાસા-રૂપ કેવટ! તારાં મોટાં ભાગ્ય છે કે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીમાં તારી પ્રીતિ છે. કેમકે આ જિજ્ઞાસારૂપ મનુષ્યશરીરને પામવાનું એ જ ફળ છે, કે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની પ્રાપ્તિ કરવી, અને તે મનુષ્યશરીરમાં જ થાય છે; અન્ય શરીરમાં થતી નથી. કેમકે દેવતાઓનાં શરીર તો અધિક પુણ્ય અને ન્યૂન પાપ વડે રચેલાં છે. ને પુણ્યનું ફળ જે ઐશ્વર્યની પ્રાપ્તિ થવી, તે તો તેમને પ્રાપ્ત જ છે. વળી પાપનું ફળ એ છે કે અનુકૂળમાં રાગ, ને પ્રતિકૂળમાં દ્વેષ થાય છે, ને તે રાગદ્વેષ જ દુઃખનું કારણ છે. જ્યાં સુધી રાગદ્વેષ દૂર થતા નથી, ત્યાં સુધી સુખ પણ થતું નથી. એવી રીતે અધિક પુણ્ય અને ન્યૂન પાપ વડે દેવતાઓનાં શરીર રચાયેલાં હોવાથી જેમ તે વિશેષ સુખ ને [illegible] દુઃખના બોજા થાય છે, તેવી રીતે અધિક પાપ અને [illegible] પુણ્ય વડે રચાયેલાં તિર્યગ્યોનિ અને પશુપક્ષીઓનાં શરીર છે કેમકે વિશેષ પાપનું ફળ જે દુઃખ તે તો તેમને

આ પ્રમાણે મનુષ્યશરીરમાં જિજ્ઞાસા હોવાથી મનુષ્યશરીરને ણ જિજ્ઞાસારૂપ જ કહેવાય છે. આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાનું નામ જિજ્ઞાસારૂપ છે. તે જિજ્ઞાસારૂપ મનુષ્યશરીરને પામીને જે તે જ્ઞાન સંપાદન કરતો નથી અને વિષયોમાં જ આસક્ત રહે છે તે પામર છે; અને પામર પુરુષને તો ત્રણે કાળમાં સુખ થતું જ નથી. પરંતુ તે તો વિષયરૂપી અગ્નિ વડે હમેશાં બળતો જ રહે છે. તમે તો મહા ભાગ્યશાળી છો કે તમને જિજ્ઞાસારૂપ મનુષ્યશરીર પામવાનું ફળ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે. વળી ભગવાનશ્રીની દયા પણ તમારા પર પૂર્ણ છે. એટલા માટે તમે જ્ઞાનમાં જ તમારી નિષ્ઠા દૃઢ કરો. જ્ઞાનમાં દૃઢતા એ જ પરમાનન્દનો હેતુ છે. માટે પરમાનન્દરૂપ અમૃતનું પાન કરો.

'જેવી રીતે આ દૃઢ નિશ્ચય થઈ રહ્યો છે કે હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું, હું શુદ્ર છું, ને એ નિશ્ચય કોઈના ચળાવવાથી પણ ચળતો નથી; એની રીતે જ્યારે આવું જ્ઞાન પૂર્ણ દૃઢ થઈ જાય છે કે જે કાંઈ પણ દૃશ્યાદૃશ્ય છે, તે સર્વ રામરૂપ જ છે, બીજું કાંઈ થયું નથી. એવા જે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી તે મારો આત્મા છે. આવા દૃઢ નિશ્ચયવા
પ્રત્યક્ષ જ્ઞાનવાનને પરમ ? … મ થાય છે, અને
જીવન્મુક્ત રહે છે. હવે … શ્રીરામ૦'
રાખો, અને સામાન્ય વ્યવહા

આ પ્રમાણે મનુષ્યશરીરમાં જિજ્ઞાસા હોવાથી મનુષ્યશરીરને પણ જિજ્ઞાસારૂપ જ કહેવાય છે. આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાનું નામ જિજ્ઞાસારૂપ છે. તે જિજ્ઞાસારૂપ મનુષ્યશરીરને પામીને જે તે જ્ઞાન સંપાદન કરતો નથી અને વિષયોમાં જ આસક્ત રહે છે તે પામર છે; અને પામર પુરુષને તો ત્રણે કાળમાં સુખ થતું જ નથી. પરંતુ તે તો વિષયરૂપી અગ્નિ વડે હમેશાં બળતો જ રહે છે. તમે તો મહા ભાગ્યશાળી છો કે તમને જિજ્ઞાસારૂપ મનુષ્યશરીર પામવાનું ફળ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની સાક્ષાત્ પ્રાપ્તિ થઇ છે. વળી ભગવાનશ્રીની દયા પણ તમારા પર પૂર્ણ છે. એટલા ે તમે જ્ઞાનમાં જ તમારી નિષ્ઠા દૃઢ કરો. જ્ઞાનમાં દૃઢતા એ જ રમાનન્દનો હેતુ છે. માટે પરમાનન્દરૂપ અમૃતનું પાન કરો.

'જેવી રીતે આ દૃઢ નિશ્ચય થઈ રહ્યો છે કે હું મનુષ્ય છે. હું બ્રાહ્મણ છું, હું શુદ્ધ છું, ને એ નિશ્ચય કોઇના ાાવવાથી પણ ચળતો નથી; એવી રીતે જ્યારે આવું જ્ઞાન ં દૃઢ થઈ જાય છે કે જે કાંઈ પણ દૃશ્યાદૃશ્ય છે, તે સર્વ ગરૂપ જ છે, બીજું કાંઇ થયું નથી. એવા જે જ્ઞાનસ્વરૂપ રામચંદ્રજી તે મારો આત્મા છે. આવા દૃઢ નિશ્ચયવાળા પ્રત્યક્ષ જ્ઞાનવાનને પરમ સુખની પ્રાપ્તિ થાય છે, અને તેને જ જીવન્મુક્ત કહે છે. હવે તમે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રમાં નિશ્ચય રાખો, અને સામાન્ય વ્યવહારમાં પણ નિર્મળ થઇને વર્તતા રહો.'

આ પ્રમાણે કહીને વિવેકરૂપ લક્ષ્મણજી જ્યારે બોલતા બંધ થયા, ત્યારે જિજ્ઞાસારૂપ ભીલ ગદ્ગદભાવને પ્રાપ્ત થઇને ભગવાનશ્રીના ચરણોમાં ઢળી પડયો, અને જ્ઞાનસ્વરૂપ શ્રી-રામચંદ્રજી પણ તેને સતુષ્ટ કરીને વિવેકરૂપ લક્ષ્મણજી અને શાંતિરૂપિણી સીતાજીની સાથે ચાલવા લાગ્યા. તે વખતે અતિ શોભાયમાન નૌકા શ્રીરામચંદ્રજીની સેવામાં તે

મા.

આ પ્રમાણે મનુષ્યશરીરમાં જિજ્ઞાસા હોવાથી મનુષ્યશરીરને પણ જિજ્ઞાસારૂપ જ કહેવાય છે. આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાનું નામ જિજ્ઞાસારૂપ છે. તે જિજ્ઞાસારૂપ મનુષ્યશરીરને પામીને જે તે જ્ઞાન સંપાદન કરતો નથી અને વિષયોમાં જ આસક્ત રહે છે તે પામર છે; અને પામર પુરુષને તો ત્રણે કાળમાં સુખ થતું જ નથી. પરંતુ તે તો વિષયરૂપી અગ્નિ વડે હમેશાં બળતો જ રહે છે. તમે તો મહા ભાગ્યશાળી છો કે તમને જિજ્ઞાસારૂપ મનુષ્યશરીર પામવાનું ફળ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની સાક્ષાત્ પ્રાપ્તિ થઇ છે. વળી ભગવાનશ્રીની દયા પણ તમારા પર પૂર્ણ છે. એટલા માટે તમે જ્ઞાનમાં જ તમારી નિષ્ઠા દૃઢ કરો. જ્ઞાનમાં દૃઢતા એ જ પરમાનન્દનો હેતુ છે. માટે પરમાનન્દરૂપ અમૃતનું પાન કરો.

'જેવી રીતે આ દૃઢ નિશ્ચય થઈ રહ્યો છે કે હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું, હું શુદ્ધ છું, ને એ નિશ્ચય કોઇના ચળાવવાથી પણ ચળતો નથી; એવી રીતે જ્યારે આવું જ્ઞાન પૂર્ણ દૃઢ થઈ જાય છે કે જે કાંઈ પણ દૃશ્યાદૃશ્ય છે, તે સર્વ રામરૂપ જ છે, બીજું કાંઇ થયું નથી. એવા જે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી તે મારો આત્મા છે. આવા દૃઢ નિશ્ચયવાળા પ્રત્યક્ષ જ્ઞાનવાનને પરમ સુખની પ્રાપ્તિ થાય છે, અને તેને જ જીવન્મુક્ત કહે છે. હવે તમે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રમાં નિશ્ચય રાખો, અને સામાન્ય વ્યવહારમાં પણ નિર્મળ થઇને વર્તતા રહો.'

આ પ્રમાણે કહીને વિવેકરૂપ લક્ષ્મણજી જ્યારે બોલતા બંધ થયા, ત્યારે જિજ્ઞાસારૂપ ભીલ ગદ્ગદભાવને પ્રાપ્ત થઇને ભગવાનશ્રીના ચરણોમાં ઢળી પડ્યાં, અને જ્ઞાનસ્વરૂપ શ્રી-રામચંદ્રજી પણ તેને સંતુષ્ટ કરીને વિવેકરૂપ લક્ષ્મણજી અને શાન્તિરૂપિણી સીતાજીની સાથે ચાલવા લાગ્યા. તે વખતે અતિ શોભાયમાન નૌકા શ્રીરામચંદ્રજીની સેવામાં તે

૬

પામવા યોગ્ય બીજું શું હશે ? મારા ભાગ્યને ધન્ય છે.' એમ કહીને તે ફરી શ્રીરામચંદ્રજીનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યો અને શ્રીરામચંદ્રજીએ પણ તેને ઉપાડીને છાતી સાથે ચાંપીને કહ્યું કે, 'હું તારા ઉપર બહુ જ પ્રસન્ન છું, કેમકે તેં મને પાર× ઉતારી દીધો છે.'

એ પ્રમાણે કહીને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી ઉપરામરૂપ ભરદ્વાજજીના સ્થાન પર આવી પહોંચ્યા. તેઓ લાંબા વખતથી જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીનાં દર્શનની ઇચ્છાથી તપ કરી રહ્યા હતા. તે રામચંદ્રજીને દૂરથી આવતા જોઇને પ્રસન્ન થઇને સામે લેવા આવ્યા. જ્યારે રામચંદ્રજીએ પ્રણામ કર્યા ત્યારે મુનિ પ્રેમપૂર્વક ભેટી પડ્યા અને આસન પર લઈ જઇને પૂજનસેવન કરીને કહેવા લાગ્યા કે, 'હે નાથ ! આજ આપના દર્શનથી મારો યોગ, જપ ને તપ સર્વ સફળ થઇ ગયાં.' એવી વાત સાંભળીને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી કહેવા લાગ્યા કે, 'હે મુને ! જે પુરુષ તમારો–ઉપરામરૂપ ભરદ્વાજનો આશ્રય લેશે નહિ, અર્થાત્ સ્વધર્માનુસાર ચેષ્ટા કરશે નહિ, તે પુરુષ જ્ઞાનસ્વરૂપ એવા મને—રામચંદ્રને કદાપિ પ્રાપ્ત થઈ શકશે નહિ. તે આશ્રય કરવા યોગ્ય સ્વધર્મ આ છે કે કોઇને દુઃખ ન દઇને અન્ન પ્રાપ્ત કરવું, અને અન્નનો અંગીકાર પ્રાણરક્ષાને માટે કરવો, પણ જિહ્વાના સ્વાદને માટે નહિ. પ્રાણરક્ષા તત્ત્વજ્ઞાનને માટે કરવી, વિષયભોગને માટે નહિ તત્ત્વજ્ઞાન

× [illegible]

મારો જન્મ સફળ કરી દીધો; કેમકે જેવી રીતે દીપક ઘટાદિ સઘળા પદાર્થોને બતાવે છે, પણ ઘટાદિ પદાર્થ દીપકનો પ્રકાશ કરી શકતા નથી, એવી રીતે આપ સર્વના દ્રષ્ટા છો, અને આપને કોઇ પણ જાણી શકતું નથી. તે જે મનવાણીનો અવિષય આપનું સ્વરૂપ છે, તે સ્વરૂપનાં આજ મને નેત્રોથી દર્શન થયાં, એથી હું કૃતકૃત્ય થઈ ગયો છું.' એવી રીતે સ્તુતિ કરતાં કરતાં દમરૂપ વાલ્મિકીજીએ જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીનું પ્રેમભક્તિથી પૂજનસેવન કરીને આશ્રમમાં ઉતારો આપ્યો.

આ વખતે વિવેકરૂપ લક્ષ્મણજીએ તરત જ ઋષિએ આપેલા કુશાસનને શ્રીરામચંદ્રજીને માટે એક વૃક્ષ તળે બિછાવી દીધું. તે પર શ્રીરઘુનંદન સ્વામી સીતાજી સહિત વિરાજ્યા, અને ઋષિઓને સત્સંગરૂપ અમૃત પાઇને તૃપ્ત કરવા લાગ્યા. તે વખતે સર્વ ઋષિઓ પોતાના જપતપનું ફળ શ્રીરઘુનાથજીનાં દર્શનને સમજીને કૃતકૃત્ય થયા, અને પ્રણામ કરીને પોતપોતાને આસને ગયા. તેમજ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી પણ શાંતિરૂપિણી સીતાજી સહિત ત્યાં આનંદપૂર્વક રાત્રિ ગાળવા લાગ્યા. અર્થાત્ જેવી રીતે શ્રીરામચંદ્રજી પ્રથમ મણિ જડેલા સુવર્ણના મંદિરમાં ઉત્તમ શય્યા પર આનંદપૂર્વક શયન કરતા હતા, તેવી રીતે હવે કુશાસન પર વૃક્ષની તળે શયન કરે છે, અને વિવેકરૂપ લક્ષ્મણજી ધનુષબાણ હાથમાં લઈને શ્રીરઘુનાથજીની રક્ષા માટે ભગવાનશ્રીની પરિક્રમા કરી રહેલા છે.

તે વખતે તે ઋષિઓમાંથી એક ઋષિ બોલ્યા કે, 'હાય! હાય! પથ્થર પડે તે કૈકેયીની બુદ્ધિ પર કે જેણે આવાં [illegible] [illegible] વન્દન રાજા પાસેથી માગ્યું. અને તે [illegible] બુદ્ધિ પર કેવી [illegible] થઈ ગઈ કે જેણે એક [illegible] કાને વનમાં જવાની આજ્ઞા

રીતે સીતાજી રઘુનાથજીમાં અનિર્વચનીય છે. કેમકે જો કહેવામાં આવે કે ચૈતન્યને આશ્રયે માયા નથી, તો માયાનું કાર્ય સંસાર પ્રત્યક્ષ જોવામાં આવે છે તેમ કહેવું બનશે નહિ, અને માયાં ઉપાદાન કારણમાં ન હોવાથી કેવળ ચૈતન્ય નિમિત્તકારણથી સંસારની રચના થતી નથી.

'વળી જો,એમ કહેવામાં આવે કે ચૈતન્યમાં માયા છે તો ચૈતન્ય અને જડ માયાનો સંબંધ થઇ શકતો નથી. એથી વેદનો સિદ્ધાંત છે કે જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ ચૈતન્ય છે. જેવી રીતે કરોળિયો જાળાનું ઉપાદાન કારણ થૂંક પણ પોતે જ થઈ જાય-છે, અને નિમિત્તકારણ તો પોતે છે જ; એવી રીતે કેવળ એક ચૈતન્ય આત્મા જ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે, કે જે અંશમાં સીતાજી રઘુનાથજીમાં નથી. અર્થાત્ બન્ને એક રઘુનાથજીરૂપ જ છે, બીજું કાંઈ નથી. તે અંશમાં તો કથનશ્રવણના વ્યવહારનો પ્રવેશ જ નથી, પણ જ્યાં વ્યવહાર છે ત્યાં આ જ સીતાજી અનાદિ-શક્તિ સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણરૂપે રઘુનંદનના આશ્રયે અભિન્નરૂપે સ્થિત છે, અને તે જ શુદ્ધસ્વરૂપ શ્રીરઘુનાથજી સીતાજીના રજોગુણઅંશ વડે બ્રહ્મા થઇને સંસારને ઉત્પન્ન કરે છે, સત્ત્વગુણ વડે વિષ્ણુ થઇને પાલન કરે છે, અને તમોગુણ વડે રુદ્ર થઈને સંહાર કરે છે. પરંતુ તે આ લીલામાં મોહિત થતા નથી. એવી રીતે રઘુનાજી આપોઆપ દૃશ્ય થઇને માયા વડે સર્વ પ્રવૃત્તિ કરે છે, અને સંસારનું પાલન પણ એવી રીતે દયાળુતાથી કરે છે તે વાત પણ સાંભળો.

'આ જ રઘુનાથજીએ પૂર્વકાળમાં મત્સ્યરૂપ ધારણ કરીને પોતાના ભક્ત વૈવસ્વત મનુની રક્ષા કરી. અર્થાત્ પ્રલયકાળમાં વૈવસ્વતમનુને પ્રજા સહિત નાવમાં બેસાડીને મત્સ્યરૂપે બચાવ્યા.

પાસે જ તેમનાં દર્શન થઇ ગયાં છે. કેમકે જેનું બ્રહ્માદિ દેવતાઓ પણ ધ્યાન ધરે છે, છતાં તેમના ધ્યાનમાં જે મહા મુશ્કેલીથી આવે છે, તે તમારી સન્મુખ એક વૃક્ષની તળે કુશાસન પર શાંતિરૂપિણી સીતાજી સહિત વિરાજમાન છે. હું તેમને સારી રીતે જાણું છું. પરંતુ આ રહસ્ય પરમ ગોપ્ય છે, કોઇને કહેવા યોગ્ય નથી.

'આ ઉપરાંત તમારા લોકોના ચિત્તમાં જે આવો સંકલ્પ છે કે રાજા દશરથે કૈકેયીના કહેવાથી રઘુનાથજીને વનગમનની આજ્ઞા આપી; તો આ સંકલ્પ પણ તમારો યોગ્ય નથી. કેમકે પૂર્વમાં રાજા દશરથ કશ્યપ હતા, અને કૌશલ્યા અદિતિ હતાં. તે બન્નેએ અતિશય તપ કરીને નારાયણની પાસે આ પ્રમાણે વર માગ્યો હતો કે આપ અમારા પુત્રરૂપે પ્રકટ થાઓ. તે વખતે ભગવાને કહ્યું હતું કે એમ જ થશે. તે જ કશ્યપ હવે જીવરૂપ દશરથ થયા છે, અદિતિ નિવૃત્તિરૂપ કૌશલ્યા થયેલાં છે, નારાયણ જ્ઞાનસ્વરૂપ રામચંદ્રરૂપે અવતર્યા છે. યોગમાયા શાન્તિરૂપિણી જાનકીજી થયાં છે. આ જ જ્ઞાનસ્વરૂપ રઘુનાથજીનું જ એક અંગ વિવેકરૂપ લક્ષ્મણજી છે કે જે આ વખતે નિદ્રા તથા આળસનો ત્યાગ કરીને રઘુનાથજીની સેવામાં ચોદિશામાં ધનુષબાણ લઇને ફરી રહેલા છે.

'અરે, આ રઘુનાથજીના નામનો તો એવો પ્રભાવ છે કે જે નામનો ઊલટો જપ કરવાથી અર્થાત્ રામ રામનું મરા મરા કહેતાં કહેતાં હું મહાહિંસક અધમ પણ બ્રહ્મર્ષિ થઈ ગયો છું! ત્યારે પછી તેમનું સીધું શુદ્ધ નામ જપનારને અર્થાત્ રામ રામ કહેનારા પુરુષને કોણ જાણે શું પદવી પ્રાપ્ત થશે? આ કહેવાનો ભાવ આવો છે કે અવશ્ય અલ્પ કાળમાં જ એમ વર્તનારો મનુષ્ય જીવન્મુક્ત થઈ જશે. આ મારું વચન સત્ય

કંઇક ઉત્તર અવશ્ય આપવો જ ઉચિત છે. હે પતિતપાવન! અહીંથી થોડા જ અંતર પર એક ચિત્રકૂટ નામનું સ્થાન છે, ત્યાં આગળ આપ નિવાસ કરો. કૂટ નામ લોઢાની એરણનું છે, અને ચિત્ર નામ સ્વરૂપનું છે. જેવી રીતે લોઢાની એરણ ઉપર ધાતુનાં અનેક પાત્ર ઘડાઈઘડાઇને ચાલ્યાં જાય છે, પણ એરણ જેમની તેમ કાયમ રહે છે, એવી રીતે અનેક વ્યવહાર જે પુરુષ વડે સિદ્ધ થાય છે, છતાં જે પુરુષ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી તે પુરુષનું નામ ચિત્રકૂટ છે. અર્થાત્ કૂટ એટલે એરણની પેઠે જે પુરુષનું ચિત્ર એટલે કે સ્વરૂપ છે તે પુરુષનું નામ ચિત્રકૂટ છે. હે જ્ઞાનસ્વરૂપ રઘુનાથજી! તે પુરુષરૂપ ચિત્રકૂટમાં આપ નિવાસ કરો.'

આ પ્રકારનાં મુનિનાં વાક્ય સાંભળીને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી વિવેકરૂપ લક્ષ્મણ અને શાંતિરૂપિણી સીતાજી સહિત ચિત્રકૂટમાં નિવાસ કરવા લાગ્યા. હવે અહીં જે સમયે સુકર્મરૂપ સુમંત જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીરહિત રથ લઇને પંચકોશરૂપ અયોધ્યામાં આવ્યો, ત્યારે રથને ખાલી જોઇને અવધપુરમાં હાહાકાર મચી ગયો. જીવરૂપ રાજા દશરથજીએ પણ શ્રીરામચંદ્રજીના વનમાં પધારવાના સમાચાર સાંભળીને શરીરને ત્યજી દીધું. અર્થાત્ રાજા મોક્ષને પ્રાપ્ત થઈ ગયા. કેમકે ફોટો ઊતરી જવાને વખતે પુરુષનાં અંગ જેવી રીતે હોય છે તેવી જ તેની છાપ ઊતરી આવે છે, તેવી રીતે શરીર છૂટવાને સમયે જેવી જેની ભાવના હોય છે, તેવી જ તેની ગતિ થાય છે. આ કારણથી જ સંત લોકો અભ્યાસ કર્યા કરે છે કે અંત સમયે અમને જ્ઞાનસ્વરૂપનું સ્મરણ રહે. એવી મુશ્કેલીથી પ્રાપ્ત થનારો જે સમય તે રાજાને સાચા પ્રેમથી સહજમાં જ પ્રાપ્ત થઈ ગયો. અર્થાત્ રાજા દશરથે રામનું

ભક્તિરૂપ સુમિત્રા સાથે જ્યારે સંબંધ થયો, ત્યારે વિવેકરૂપ લક્ષ્મણ અને વિચારરૂપ શત્રુઘ્ન ઉત્પન્ન થયા. વળી જ્યારે વિષયમાં દોષબુદ્ધિવાળી પ્રવૃત્તિરૂપ કૈકેયીની સાથે જીવરૂપ દશરથનો સંબંધ થયો, ત્યારે વૈરાગ્યરૂપ ભરતજી ઉત્પન્ન થયા. કેમકે પ્રથમ તો જિતેંદ્રિય પુરુષ ભોગોમાં પ્રવૃત્ત જ થતો નથી, અને કદાચ દૈવયોગે પ્રવૃત્ત થઈ જાય તો પણ તેને તેવી પ્રવૃત્તિથી સુખ થતું નથી; પરંતુ તેથી પણ દોષદૃષ્ટિથી વૈરાગ્ય જ થાય છે. આ કારણથી વિષયદોષબુદ્ધિવાળી પ્રવૃત્તિરૂપ કૈકેયીથી વૈરાગ્યરૂપ ભરતજી ઉત્પન્ન થયા.

તે સમયે વેદરૂપ વસિષ્ઠજીએ અતિ હર્ષપૂર્વક ચારે રાજકુમારોનાં નામ પાડ્યાં. જ્ઞાનનું નામ રામ રાખ્યું. અર્થાત્ મૃગતૃષ્ણાના જલ જેવા સંસારસમુદ્રનું ભ્રમરૂપ નાકું, જે ચરાચરને ગળી જઈ રહેલું છે, તેના પાશથી બચવાને માટે વિવેક, વૈરાગ્ય, શમદમાદિ સાધન વડે સંપન્ન થઈને યોગીઓને રમણ કરવાનું સ્થાન જ્ઞાન છે. આ કારણથી જ્ઞાનનું નામ રામ પ્રસિદ્ધ થયું. તે બ્રહ્મરૂપ જ્ઞાન નિવૃત્તિજન્ય વૃત્તિમાં અભિવ્યક્ત થવાથી જીવરૂપ દશરથનો પુત્ર છે. બીજા વિવેકનું નામ લક્ષ્મણ પાડ્યું. કેમકે શુભ લક્ષણવાળાને લક્ષ્મણ કહે છે, ને તે વિવેક જ છે; અર્થાત્ સત્યાસત્ય વસ્તુના જ્ઞાનને વિવેક કહે છે. આમ, જ્યાં સુધી સત્યાસત્ય વસ્તુનો વિવેક થતો નથી, ત્યાં સુધી સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ પણ થઈ શકતાં નથી. અને જ્યારે એવો વિવેક થઇ ગયો કે સંસાર અસત્ય છે અને એક આત્મા જ સત્ય છે, ત્યારે તે અસત્ય સંસારની આશા, તૃષ્ણા, કલ્પના, શંકા, ને નિંદા વગેરેનો ત્યાગ કરી દે છે અને સત્ય આત્મા સંબંધી શાંતિ, સમતા, ક્ષમા, દયા, ધૈર્ય, શીલ, જ્ઞાન ને ભક્તિ વગેરે શુભ લક્ષણવાળો થાય છે, અને તેને જ લક્ષ્મણ કહે છે. આ

રાજ! વિવેકરૂપ લક્ષ્મણજીને ધન્ય છે કે ખાનપાન ને નિદ્રાનો ત્યાગ કરીને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીની સેવામાં તત્પર રહે છે. હે નાથ! હું તેમની શ્રદ્ધાનું ક્યાં સુધી કથન કરું? જે દિવસ રાત્રિએ આ વૃક્ષ નીચે જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીએ શાંતિરૂપિણી સીતાજી સહિત શયન કર્યું હતું, તે દિવસે પ્રથમ તો ભગવાનશ્રીની આજ્ઞાથી વિવેકરૂપ લક્ષ્મણજીએ મારા અનેકાનેક સંશયો નિવૃત્ત કર્યા. ત્યાર-પછી ભગવાનશ્રી તો પોઢી ગયા, પણ વિવેકરૂપ લક્ષ્મણજી હાથમાં ધનુષબાણ લઈને આખી રાત શ્રીરઘુનાથજીની પરિક્રમા કરતા રહ્યા. મેં ઘણું જ કહ્યું કે આપ પણ થોડો વખત વિશ્રામ લો. હું ભગવાનશ્રીની સેવામાં ઊભો રહીશ. પરંતુ તેમણે કબૂલ કર્યું નહિ, અને આમ કહ્યું કે, મારી આ સત્ય પ્રતિજ્ઞા છે કે જ્યાં સુધી ભગવાનશ્રી રામચંદ્રજી પૃથ્વી પર શયન કરશે ત્યાં સુધી હું સૂઈશ નહિ; તેમજ જ્યાં સુધી ભગવાનશ્રી વનફળનું ભોજન કરશે ત્યાં સુધી હું કાંઇ પણ ખાઈશ નહિ.'

એવી વાત સાંભળીને વૈરાગ્યરૂપ ભરતજી પૃથ્વી પર પડી ગયા ને કહેવા લાગ્યા કે, 'હાય હાય! હું મહા મંદભાગ્ય છું કે મને અહીં રડતો, અધીર, આશ્રયરહિત ને વિયોગના સમુદ્રમાં ડુબી જતો જોઈને અંતર્યામી શ્રીરઘુનાથજી બહાર કાઢતા નથી! ધન્યભાગ્ય છે લક્ષ્મણનાં કે જે નિરંતર જ શ્રી-રઘુનાથજીની સેવામાં રહે છે.' એમ કહીને મૂર્છિત થઈને શિથિલ ગાત્રવાળા થઈને તે પૃથ્વી પર પડી ગયા.

તે વખતે તે ગુહરાજે ઉત્તમ પ્રકારની પાંચસો નૌકાઓ લાવવા માટે અનુચરોને આજ્ઞા આપી અને ભરતજીને ઉપાડીને છાતીસરસા ચાંપી દીધા. પછી શ્રીગંગાજીની પાર સર્વને ઉતા-રીને ભરતજી સહિત પોતે ચિત્રકૂટ ભણી ચાલી નીકળ્યા. ચાલતા ચાલતા જે જે વૃક્ષની નીચે શ્રીરામચંદ્રજીએ નિવાસ કર્યો હતો,

અ..

[illegible] રાજ્યમદ થઈ ગયો છે, તેથી આપની સાથે યુદ્ધ
[illegible] નિષ્કંટક રાજ્ય કરવાને માટે સેના લઈને તે આવે છે.’
[illegible]તર્યામી શ્રીરામચંદ્રજીએ કહ્યું કે, ‘હે લક્ષ્મણ! રાજ્યમદ
પુરુષને થાય છે કે જેને રાજ્યમાં આસક્તિ હોય છે.
વૈરાગ્યરૂપ ભરતને કદી રાજ્યમદ થઈ શકે ખરો? કદી
[illegible]. કેમકે વૈરાગ્યરૂપ ભરત તો મારો સાધક છે. અર્થાત્
પુરુષને પ્રથમ વૈરાગ્ય જ હશે નહિ, તેને જ્ઞાન ક્યાંથી થઈ
[illegible]શે? તેથી ભરતજીને રાજ્યમદ થયો નથી, પરંતુ તે પ્રેમથી
[illegible]કુળ થઈને આવે છે.’

એવામાં ભરત અને શત્રુઘ્નજી શ્રીરામચંદ્રજીના ચરણોમાં આવી પડ્યા. શ્રીરામચંદ્રજીએ પણ સર્વનો યથાયોગ્ય આદર-સત્કાર કર્યો, અને ભરતજીને ખૂબ પ્રેમથી ભેટ્યા. તેમને ખેદ-યુક્ત જોઈને અંતર્યામી ભક્તવત્સલ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ વિચાર કર્યો કે જો તેમને આ કારણથી દિલગીરી થતી હોય કે હું વૈરાગ્યરૂપ ભરતની માતા વિષયદોષદૃષ્ટિ સહિત પ્રવૃત્તિરૂપ કૈકેયી જે જ્ઞાનસ્વરૂપ રામચંદ્રના વનગમનનો હેતુ છે, તેથી મારો પણ કાંઈક અપરાધ છે, માટે તેના એ ભ્રમને ટાળી દેવો જોઈએ.

આથી ભગવાનશ્રી આમ કહેવા લાગ્યા કે, ‘હે વૈરાગ્યરૂપ ભરત! તમે કેમ સંકોચ પામો છો? તમે તો મને પ્રાણથી પણ પ્રિય છો. કેમકે મારો જે ભક્ત છે તે મારી અત્યંત સમીપ છે. મારામાં ને તેનામાં કાંઈ પણ ભેદ નથી. વળી જુઓ, આપણા ગુરુશ્રી વેદરૂપ વસિષ્ઠજીએ જીવરૂપ [illegible] દશરથ-જીની [illegible] આપણને [illegible] હતું. તે વાતને શું તમે ભૂલી ગયા છો? યાદ કરો. તે વાક્ય આ પ્રમાણે છે: અચિંત્ય [illegible]રૂપ પરબ્રહ્મને જાણનારો બ્રહ્મ જ થાય છે,

પ્રવૃત્તિ સાથે સંબંધ હતો. અર્થાત્ તે તેમાં આસક્ત
હોતા. કિંતુ તેમણે સત્યપ્રતિજ્ઞ રાજા થઈને પોતાના વાક્યને
ઉલ્લંઘન ન કરવાને માટે મને વનગમનની આજ્ઞા કરી દીધી.
વળી રાજાનો તો ધર્મ જ છે કે જે પુરુષની જે ઇચ્છા હોય તે
તેણે પૂર્ણ જ કરી દેવી. આ સમય સર્વ દેવતાઓની અને
ઋષિમુનિઓની એવી ઇચ્છા હતી કે શીઘ્ર જ જ્ઞાનસ્વરૂપ
રામચંદ્ર નિર્ભયરૂપ વનમાં વિચરે અને અજ્ઞાનરૂપ રાવણાદિ
રાક્ષસોનો નાશ થઇ જાય. એટલા માટે મહારાજાશ્રીએ મને
વનમાં જવાની આજ્ઞા આપી.

'વળી બીજું તે આમ પણ જાણતા હતા કે એમનું તો
પ્રકટ થવું જ રાક્ષસોના નાશને માટે છે. અને તેથી તેમાં માતા
પ્રવૃત્તિરૂપ કૈકેયીનો વ્યવહાર પણ એક વિલાસમાત્ર જ છે. ત્યારે
પછી તમે સંકોચને કેમ પ્રાપ્ત થાઓ છો? તમે તો મારો
આત્મા છો. તમારામાં તો લેશ પણ શોક નથી. તમે જરા
તમારા સ્વરૂપને તો જુઓ! તમે તો આનંદઘન છો.'

એવી રીતે કહેતાં કહેતાં જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી વૈરા-
ગ્યરૂપ ભરતજીને હૃદય સાથે ચાંપતા જાય છે, અને પછી વળી
રાજ્યરક્ષાને વાસ્તે નીતિશાસ્ત્રનો ઉપદેશ કરે છે તથા કહે
છે કે, 'હવે તમે સર્વ માતાઓને લઇને જાઓ. તેમની
યથોચિત સેવા કરજો, અને પ્રજાનું રક્ષણ કરજો. તમે
કોઈને પણ દુઃખ દેશો નહિ; હું પણ લક્ષ્મણ ને સીતાજી
સહિત પિતાની આજ્ઞાનું પાલન કરીને બહુ જ જલદી પાછો
આવીશ. તમે કંઈ પણ ચિંતા કરશો નહિ.'

એવી રીતનાં શ્રીરામચંદ્રજીનાં વચનો સાંભળીને ભરતજી
બોલ્યા: 'હે નાથ! પિતા તો મૂઢબુદ્ધિ, કામને અધીન થઇને
સ્ત્રીથી જિતાયેલા ભ્રમિત હૃદયવાળા હતા. તેમની વાતને આપ

હે સત્યપ્રતિજ્ઞ મર્યાદાપુરુષોત્તમ ! જો આપની એવી જ ઇચ્છા હોય તો આપને સ્થાને હું ચૌદ વર્ષ સુધી મુનિનો વેષ ધારણ કરીને વનમાં વાસ કરીશ, અને આપ આપના રાજ્યની રક્ષા કરો.'

એવું સાંભળીને શ્રીરામચંદ્રજીએ કહ્યું: 'હે ભ્રાતા ! પિતાની તને રાજ્ય કરવાની આજ્ઞા છે, અને મને વનનું રાજ્ય આપેલું છે. એટલા માટે તું જ રાજ્ય કર, અને હું વનગમન કરીશ. કેમકે જે પુત્ર પિતાની આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરતો નથી, તે નરકગામી થાય છે, અને વ્યવહારમાં પણ તિરસ્કાર કરવા યોગ્ય છે.' એવી રીતે કહેવા છતાં પણ જ્યારે જોયું કે વૈરાગ્યરૂપ ભરત બહુ જ હઠ કરે છે, ત્યારે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ ગુરુ શ્રીવેદસ્વરૂપ વસિષ્ઠજીને આંખથી ઈશારો કર્યો કે તેને મારા વાસ્તવ રૂપનું ભાન કરાવો.

એટલે વસિષ્ઠજી ભરતજીને એકાંતમાં લઈ જઇને કહેવા લાગ્યા કે, 'હે વત્સ ! આ જે નિશ્ચય કરેલો ભાવ છે તે કદી હઠી શકતો નથી, અર્થાત્ શુભથી શુભ જે સિદ્ધાંત છે તે હું તમને કહું છું. તે તમે ચિત્તને સાવધાન કરીને સાંભળો. હે ભરત ! માયાથી પર જે અદ્વિતીય શુદ્ધ ચૈતન્ય છે, તે રઘુનાથજી છે. તેમણે અજ્ઞાનરૂપ રાવણાદિ રાક્ષસોનો નાશ કરવાને માટે પોતાના જ્ઞાનસ્વરૂપને પ્રકટ કર્યું છે. અને જે યોગમાયા સાંભળવામાં આવે છે તે શાંતિરૂપિણી જનકનંદિની છે. અને આ જ જ્ઞાનસ્વરૂપ રઘુનાથજીનો જ અંશ વિવેકરૂપ લક્ષ્મણ છે કે જેને રાગરૂપ મેઘનાદનો નાશ કરવાને પ્રકટ કરેલો છે. કેમકે રાગરૂપ મેઘનાદનો નાશ વિવેકરૂપ લક્ષ્મણજીને હાથે જ છે. અર્થાત જ્યાં સુધી સત્યાસત્ય વસ્તુનો વિવેક થતો નથી, ત્યાં સુધી અસત્ય સત્તામાંથી રાગ નિવૃત્ત થતો નથી. વળી આ જ

ાર પતિથી સ્વતંત્ર જ કરે છે, તેવી રીતે શ્રીરામચંદ્રજીની
સત્તામાત્રથી જ તમે સર્વ રચના કરો છો અને રઘુનાથજી તો
શુદ્ધસ્વરૂપ નિષ્ક્રિય છે, કે જેમાં પ્રપંચ હોવાનો સંભવ જ
નથી. જ્ઞાનથી જગત તમ-પ્રકાશની પેઠે વિપરીત સ્વભાવવાળું
છે, અને તે સર્વના આત્મા જ્ઞાનસ્વરૂપ રઘુનાથજીને જાણ્યા
વિના શાંતિ થતી નથી. જેવી રીતે કોઈ પુરુષ પોતાના પુત્રના
ગળામાં સુવર્ણની માળા પહેરાવે, પણ જ્યાં સુધી તે બાળક
તે સુવર્ણના ગુણને જાણતો નથી, ત્યાં સુધી પોતાને દરિદ્રી જ
માને છે, એવી રીતે જે સર્વના આત્મા નિત્યપ્રાપ્ત જ્ઞાનસ્વરૂપ
શ્રીરઘુનાથજી છે, તેના જ્ઞાન વિના પુરુષ સદૈવ દીન જ બનેલો
છે. વળી વિચાર કરીને જોવામાં આવે તો શ્રીરામચંદ્રજીનું જ્ઞાન
પણ સર્વ પુરુષોને છે, પરંતુ તેમની કૃપા વિના સુખ થતું નથી.
અર્થાત્ આવું જ્ઞાન તો સર્વને છે કે ઈશ્વર કોઈક પદાર્થ છે. પરંતુ
તે સામાન્ય જ્ઞાન સુખનો હેતુ નથી, પણ તેને વિશેષ જ્ઞાન છે કે
જે જગતના ઈશ્વર શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી
છે તે જ મારો આત્મા છે. એવું વિશેષ જ્ઞાન સુખનો હેતુ છે, પણ
સામાન્ય જ્ઞાન સુખનો હેતુ નથી. જેવી રીતે કાષ્ઠગત સામાન્ય
અગ્નિ દાહનો હેતુ નથી તેવી રીતે સામાન્ય જ્ઞાનથી પણ સુખ
થતું નથી. પણ જેવી રીતે તે જ સામાન્ય અગ્નિ વિશેષરૂપે થઈને
દાહ કરવા માંડે છે, તેવી રીતે જ્યારે શ્રીરામચંદ્રજીનું સામાન્ય
જ્ઞાન વિશેષરૂપ થાય છે. અર્થાત્ જે કાંઈ પણ દશ્યાદશ્ય છે તે
સર્વ રામરૂપ મારો આત્મા જ છે એવું દૃઢ અપરોક્ષ જ્ઞાન પરમ
સુખદાયક છે. અને તે. તે જ પુરુષને પ્રાપ્ત થાય છે, કે જેના
ઉપર શ્રીરામચંદ્રજીની પૂર્ણ કૃપા થાય છે. તેમનો કૃપાપાત્ર
પણ તે જ પુરુષ છે. કે જે તેમના અનન્ય ભક્ત છે. એવા કૃપાના
સમુદ્ર રઘુવંશાનુરાગી શ્રીરામચંદ્રજીના ચરણમાં મારા કરોડો

નથી. પરંતુ એક વિષયના ભોગથી જ બીજા વિષયની વાસના થાય છે. અથવા તે વિષયમાં સુખના ભોક્તાને બીજા વિષયની આવશ્યકતા થવી જોઇએ નહિ, અને તે પણ થાય છે. જેવી રીતે પુત્રનું સુખ મેળવવા માટે સ્ત્રીની જરૂર છે, તેવી રીતે સ્ત્રીનું સુખ મેળવવા માટે ધનની જરૂર છે. હવે જો વિષય જ સુખનો સાધક હોય તો તે વિષયને બીજા વિષયની ઇચ્છા કેમ થાય ? ને તે છતાં થતી તો જોવામાં આવે છે. અથવા જેવી રીતે કોઇ પુરુષનું કોઈ પ્રિય સંબંધી અન્ય દેશથી ઘણા દિવસ પછી આવે તો તેના જોવાથી જે સુખ થાય છે, તે સુખ તે અલ્પ કાળ તેની નજીક રહ્યા પછી ફરી થતું નથી.

'આથી પ્રત્યક્ષ સમજાય છે. કે વિષયમાં સુખ નથી, પરંતુ પોતાના આત્માનંદની જ વિષયમાં કલ્પના કરી લેવાય છે. અર્થાત્ પદાર્થોની વાસનાથી જે બુદ્ધિ ચંચળ રહે છે, તેમાં આનંદસ્વરૂપ આત્માનું ભાન થતું નથી, પણ વિષયની પ્રાપ્તિથી ક્ષણમાત્રને માટે બુદ્ધિ સ્થિર થઈ અન્તર્મુખ થાય છે. તેથી તેમાં આનંદસ્વરૂપ પોતાના આત્માનો બુદ્ધિની સ્થિતિથી ક્ષણમાત્ર પડેલો જે આભાસ તે જ સુખનો હેતુ છે. કેમકે વિષયમાં જેટલા સમય સુધી બુદ્ધિ સ્થિર રહે છે, તેટલા સમય સુધી જ સુખ રહે છે. વળી ફરી જ્યારે કોઈ અન્ય પદાર્થની વાસનાથી બુદ્ધિ ચંચળ થઈ જાય છે ત્યારે સુખ રહેતું નથી; પણ જે સજ્જનોની બુદ્ધિ સઘળા પદાર્થોની વાસનાનો ત્યાગ કરીને સ્થિર થઈ અંતર્મુખ થઇ છે તે મારા વહાલાઓને નિરંતર તે સુખ પ્રાપ્ત થાય છે કે જે વિષયીને વિષયમાં ક્ષણમાત્ર જ થાય છે. વળી જેમાં દુઃખ જરા પણ ન હોય તેનું જ નામ સુખ કહેવાય છે. ને સુખ વિષયોમાં તો જરા પણ નથી, પરંતુ ક્ષણમાત્ર બુદ્ધિની સ્થિરતાથી પોતાના આનંદ-

ી શકતું નથી. આ કારણથી આપે આપના ભક્તોને માટે
સ્વરૂપ પ્રકટ કર્યું છે. હે રઘુવંશનાથ ! આપના
નું 'રામ' એવું નામ જે સમયે કોઈ પણ રામાનુરાગી સાંભળે
, તે જ વખતે તેની રોમાવલિ ઊભી થઈ જાય છે, અને
સ્વરૂપભાવને પ્રાપ્ત થઈને આપના આનંદસ્વરૂપમાં મગ્ન થઈ
. છે. વળી આપના સગુણ ધનુષધારી સ્વરૂપનું પૂજન, સેવન
ને અર્ચનાદિ કરીને પોતાના ચિત્તને શુદ્ધ કરતા આપના
નિર્ગુણ સ્વરૂપને જ પ્રાપ્ત થઈ જાય છે. આપ આપના
સગુણરૂપ વડે આપનું પૂજનસેવન કરાવીને પૂજ્યપૂજકભાવ
સિદ્ધ કરીને જિજ્ઞાસુનું ચિત્ત શુદ્ધ કરો છો. તેમજ નિર્ગુણ
સ્વરૂપથી આપની અભેદ ભક્તિ આપીને જિજ્ઞાસુને આપના-
માં જ લય કરી દો છો. પછી ત્યાં સેવ્યસેવકભાવ રહેતો
નથી. કહેવાનો ભાવ આમ છે કે આપનું પૂજન, સેવન ને
અર્ચનાદિ વ્યવહાર અર્થાત્ સેવ્યસેવકભાવ આપના સગુણ
રૂપમાં જ ઘટી શકે છે, પણ નિર્ગુણ રૂપમાં તો મૌન સિવાય
બીજું કંઈ પણ બની શકતું નથી. કેમકે દેહના પ્રમાણમાં
ઇન્દ્રિયો સૂક્ષ્મ છે. ઇન્દ્રિયોની સરખામણીમાં મન સૂક્ષ્મ છે,
અને મન કરતાં બુદ્ધિ સૂક્ષ્મ છે. પરંતુ આ સર્વ ગુણોનું જ
કાર્ય હોવાથી આપના નિર્ગુણ સ્વરૂપમાં પ્રવેશ કરી શકતાં
નથી. અર્થાત્ આપના નિર્ગુણ સ્વરૂપમાં તો આમ કહેવું પણ
બની શકતું નથી કે પરમાત્મા નિર્ગુણ ને નિર્વિકાર છે, કેમકે
શબ્દના હોવાથી જ સગુણરૂપ સિદ્ધ થઈ જાય છે.

'હવે જો કોઈ પુરુષ આમ કહે કે, હું નિર્ગુણ નિરાકાર પર-
માત્માને મારાથી પૃથક્ જાણીને તેમનું ધ્યાન કરું છું, તો કોણ
જાણે તેની કેવી સમજણ છે ? કેમકે ધ્યાન તો સાકાર વસ્તુનું થાય
છે. નિરાકારનું ધ્યાન થઈ શકતું નથી. વળી આપશ્રીના નિર્ગુણ

છે ત્યારે જીવ શુભ કર્મોના ફળ સુખને ભોગવવાને માટે
પરમાત્મામાં લય થઈ જાય છે. અને જ્યારે શુભ કર્મોનાં ફળ
ભોગવી લે છે ત્યારે પાછો શેષ રહેલાં જે અશુભ કર્મ તેનું
ફળ દુઃખ ભોગવવાને માટે ફરી ત્યાંથી પાછો આવે છે. એથી
એ જ સિદ્ધ થાય છે કે તેમને હજી મોક્ષના સ્વરૂપનું પણ
જ્ઞાન નથી. કેમકે દુઃખની અત્યંત નિવૃત્તિ, અને સુખની
અખંડ પ્રાપ્તિને મોક્ષ કહે છે. તેને પામ્યા પછી ફરી
દુઃખ થતું નથી. અને જો ફરી પણ દુઃખ થયું તો તે
મોક્ષ જ ક્યાં થયો? એથી પ્રતીત થાય છે કે તે પરમાનંદ-
સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષને પ્રાપ્ત થઈને વળી પણ
દુઃખની ઇચ્છા કરે છે. હે રઘુકુલભૂષણ! આપનું સ્વરૂપ એવું
કલ્પવૃક્ષ છે કે જેવી જેની ઇચ્છા હોય છે, તેની તે સર્વ ઇચ્છા
પૂર્ણ થઈ જાય છે. વળી આ જુઓ કેવી સમજણ છે કે પર-
માનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિનું ફળ એટલું પણ માનતા
નથી કે પરમાત્માની પ્રાપ્તિથી શુભાશુભ કર્મ નાશ પામી જાય
છે. વળી પ્રત્યક્ષ પણ જુએ છે કે જેવી રીતે પ્રચંડ અગ્નિ સૂકાં
ને લીલાં સર્વ લાકડાંને બાળી નાખે છે, તેવી રીતે પરમ તેજ-
સ્વરૂપ પરમાત્માનો આશ્રય થયાથી શુભાશુભ વાસના નાશ
પામી જાય છે. અને જ્યારે વાસના જ રહી નહિ, ત્યારે કર્મ
ક્યાંથી થશે? અને પછી સુખદુઃખ પણ કેમ કરીને થશે?

વળી બીજું આ પણ અત્યંત અદ્ભુત ચરિત્ર છે કે પર-
માત્માને સર્વશક્તિમાન માનીને પણ ફરી તેની પ્રાપ્તિથી શુભાશુભ
કર્મોની નિવૃત્તિરૂપ શક્તિ પરમાત્મામાં માનતા નથી, અને
પરમાનંદરૂપ પરમાત્માની પ્રાપ્તિથી ફરી પણ જન્મમરણરૂપ
દુઃખની જ ચાહના રાખે છે. એથી પ્રત્યક્ષ પ્રતીત થાય છે કે
તે મુમુક્ષુ પણ નથી. કેમકે મુમુક્ષુ નામ તેનું છે કે જે કારણ

નષેધકર્તા માની પણ લેવાય, તો પરમાત્મામાં શૂન્યત્વની આપત્તિ-રૂપ દોષ આવશે. એવી રીતે એમના જ કહેવાથી સિદ્ધ થાય છે કે સત્ત્વરજાદિ ગુણોથી રહિત હોવાથી આપ નિર્ગુણ છો, અને સર્વશક્તિમાન, સર્વજ્ઞ ને દયાળુ ઇત્યાદિ દિવ્ય ગુણવાળા હોવાથી આપ સગુણ છો. તેમજ પંચભૌતિક મલિન આકાર-રહિત હોવાથી આપ નિરાકાર છો અને દિવ્ય સ્વસંકલ્પરચિત આકાર હોવાથી આપ સાકાર છો. અર્થાત્ નિર્ગુણ ને સગુણ તથા નિરાકાર ને સાકાર બન્ને આપનાં જ રૂપ છે. તે સાકાર સગુણ મૂર્તિનું ધ્યાન કરવાથી તો જિજ્ઞાસુ ચિત્તને શુદ્ધ કરે છે, અને આપના નિર્ગુણ નિરાકાર સ્વરૂપને પ્રાપ્ત થઇને કલ્યાણ-મય થઈ જાય છે. પરંતુ આ સિદ્ધાંત તે જ પુરુષોને પરમ સુખદાયક છે કે જેમણે મન અને ઇન્દ્રિયોને અધીન કરી લીધેલાં છે. પણ જે પુરુષ મનને અધીન છે અર્થાત્ શબ્દસ્પર્શાદિ વિષયોમાં આસક્ત છે તે આપના સ્વરૂપમાં પણ અનેક પ્રકારના તર્કો કરે છે. અર્થાત્ ઇશ્વરને સર્વશક્તિમાન જાણીને પણ જીવ અને માયાના પ્રાદુર્ભાવરૂપ શક્તિ પરમાત્મામાં માનતા નથી.

કહેવાનો ભાવ આમ છે કે તેઓ પોતાને પરમાત્માથી પણ સ્વતંત્ર અનાદિ સમજે છે. હું નથી જાણતો કે આ તેમની કેવી સમજણ છે કે જે આપને નિર્વિકાર જાણીને પણ ફરી ગુણ, કર્મ ને સ્વભાવનો વિકાર વળગાડે છે? કોણ જાણે તેમની બુદ્ધિ તેમને તજીને ક્યાં ચાલી ગઈ છે? કેમકે આપના સગુણરૂપની તો નિંદા કરે છે જ, પરંતુ આપના નિર્ગુણ નિર્વિકાર સ્વરૂપમાં પણ ગુણ, કર્મ ને સ્વભાવરૂપ કલંક લગાડે છે. આથી તે મહા દુર્દશાને પ્રાપ્ત થયેલ છે. થાય છે. અને હવે પણ એમ જ થશે. અર્થાત તે આપના શુદ્ધ જ્ઞાનસ્વરૂપમાં ગુણકર્માદિ વિકાર લગાડે છે અને આપ જે આપની કૃપાથી ભક્તોના કલ્યા-

કરનારો વૈરાગ્ય ભરત નામથી વિખ્યાત થયો.

આ પ્રમાણે જીવરૂપ દશરથને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્ર, વિવેકરૂપ લક્ષ્મણ, વિચારરૂપ શત્રુઘ્ન ને વૈરાગ્યરૂપ ભરત એમ ચાર પુત્ર થયા, તે સમયે જીવરૂપ રાજા દશરથ પરમ સુખ પામ્યા, અને પંચકોશરૂપ અવધનિવાસી પણ જ્ઞાનસ્વરૂપ ભગવાન શ્રીરામચંદ્રજીનાં દર્શન કરીને આનંદ પામી રહ્યા હતા. એવામાં વિશ્વાસરૂપ વિશ્વામિત્રજી પણ ત્યાં આવી પહોંચ્યા. અર્થાત્ જીવરૂપ દશરથને આમ પૂર્ણ વિશ્વાસ આવી ગયો કે સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી જો મારે ત્યાં પ્રકટ થયા છે, તો હવે મારું કલ્યાણ થવામાં કંઈ પણ સંદેહ નથી. તેમનું આગમન સાંભળીને વેદરૂપ વસિષ્ઠજી સહિત જીવરૂપ રાજા દશરથ હર્ષપૂર્વક પોતાના ધામથી બહાર વિશ્વાસરૂપ વિશ્વામિત્રજીને સામા લેવા આવ્યા. તે વખતે રાજાએ પ્રણામ કરીને પ્રાર્થના કરી કે, 'હે ભગવન્! આપે ઘણી જ કૃપા કરીને આ દીન દાસને દર્શન દીધાં. કેમકે મહાત્માઓનું વિચરવું ગૃહસ્થોના કલ્યાણ માટે છે. હે પ્રભો! જે નિમિત્તે આપનું આગમન થયું છે, તે આપનું કાર્ય પૂર્ણ થયું સમજજો; કેમકે તન, મન, ધન ને સઘળા પદાર્થો સહિત હું આપનો દાસ છું. તેથી જે પ્રમાણે આપની આજ્ઞા હશે તે પ્રમાણે જ હું કરીશ.' એવી રીતે કહેતા કહેતા રાજા દશરથ વિશ્વામિત્રજીને ઘરમાં લઈ આવ્યા, અને અતિ ઉત્તમ આસન પર પધરાવીને વિધિપૂર્વક પૂજનસેવન કર્યું. પછી પ્રાર્થના કરી કે, 'હે નાથ! આપનું આગમન શા કારણથી થયું છે? મને એ સંબંધમાં આજ્ઞા કરવા કૃપા કરો.' ત્યારે વિશ્વામિત્રજીએ કહ્યું: 'હે રાજન્! જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીને તેડી જવા માટે હું આવ્યો છું. કેમકે હું [illegible] યજ્ઞ [illegible] વિષ્ણુ આવાહન કરું છું તે

તો પોતાનો આત્મા છે, કેમકે લૌકિક પદાર્થોમાં જે આનંદ છે તે પોતાના આત્મામાં જ છે, કાંઈ પદાર્થોમાં નથી. જેવી રીતે શ્રોત્રમાં–કાનમાં જ્યાં સુધી સૂક્ષ્મ શબ્દતન્માત્રા રહેલી છે, ત્યાં સુધી શ્રવણ શબ્દને ગ્રહણ કરે છે, પણ જ્યારે શબ્દગુણ રહેતો નથી, ત્યારે પુરુષ બહેરો થઈ જાય છે. એવી રીતે ત્વચામાં જ્યાં સુધી સ્પર્શતન્માત્રા રહે છે, ત્યાં સુધી ત્વચા વડે શીતોષ્ણનું જ્ઞાન થયા કરે છે; પણ જ્યારે ત્વચામાં સ્પર્શગુણ રહેતો નથી, ત્યારે ત્વચા વડે શીતોષ્ણનું—ઠંડી-ગરમીનું જ્ઞાન પણ થતું નથી. કોઇનાં જેટલાં અંગનો સ્પર્શ-ગુણ દૂર થઈ જાય છે, (જેટલાં અંગ શૂન્ય પડી જાય છે) તેટલાં જ અંગમાં શીતોષ્ણનું ભાન થતું નથી. એવી રીતે નેત્રોમાં જે કારણરૂપ વડે સૂક્ષ્મતન્માત્રા સ્થિત છે, તેથી નેત્ર રૂપને નીરખે છે. પણ જ્યારે રૂપતન્માત્રા રહેતી નથી ત્યારે નેત્રોથી કંઈ પણ નીરખી શકાતું નથી. વળી તેવી જ રીતે રસતન્માત્રા જિહ્વાના અગ્રભાગમાં રહે છે. તે રસની સાથે જ્યારે કોઇ રસનો સંબંધ થાય છે ત્યારે રસનું જ્ઞાન થાય છે, નહિ તો થતું નથી. એવી રીતે નાસિકામાં જે ગંધ-તન્માત્રા છે, તેથી ગંધનું જ્ઞાન થાય છે, નહિ તો થતું નથી. એથી આમ જ સિદ્ધ થયું કે આપણામાં જે આનંદ છે તે જ પદાર્થોમાં આનંદનો હેતુ છે, અને આપણામાં જે આનંદ છે તે જ આત્મા છે, બીજું કંઈ નથી. એથી પ્રત્યક્ષ પ્રતીત થાય છે કે આપણો આત્મા જ પરમાનંદ છે. અને તે જ પરમ પ્રિય પણ છે કેમકે વ્યવહાર[illegible] સ્ત્રી પુત્ર, ધન ને ધામ [illegible] જ છે [illegible]
[illegible]
[illegible]

છે કે જે પુરુષને એ પાંચે પોતાનામાં આસક્ત કરીને દુઃખ દેતાં નથી, તે પુરુષના ચિત્તનું નામ પંચવટી. હે સ્વામિન્! આપ તે પુરુષના ચિત્તરૂપ પંચવટીમાં વિરાજમાન થાઓ.'

મુનિનાં એવાં વચન સાંભળીને જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી મુનિને પ્રસન્ન કરતા પંચવટીમાં જઈને રહેવા લાગ્યા. તે સ્થળે એક દિવસ એકાંત જોઈને લોકોપકારક થવાના હેતુથી વિવેકરૂપ લક્ષ્મણજી જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજી પાસે પ્રશ્ન કરવા લાગ્યા કે, 'હે સ્વામિન્! દુઃખરૂપ જગતજાળમાં ફસેલો આ જીવ વિવિધ પ્રકારે ક્લેશ પામે છે. આ જાળમાંથી તેને છૂટવાનો ઉપાય હું આપના શ્રીમુખથી શ્રવણ કરવા ઇચ્છું છું કે જેમાં પ્રેમ, પરા ભક્તિ, વૈરાગ્ય, અને વિજ્ઞાનસહિત જ્ઞાનનું શાંતિ આપનારું વર્ણન આવે, તો તે પ્રમાણે સંભળાવવા કૃપા કરશો. હે નાથ! આ અમૃતને પાવાને માટે આપ જ સુધાસિંધુરૂપ છો, બીજું કોઈ અતિ અલ્પ પ્રમાણમાં પણ કરી શકવા સમર્થ નથી.'

એવા પ્રકારનાં તેમનાં વચન સાંભળીને જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજી પરમપ્રિય વચન બોલવા લાગ્યા કે, 'હે લક્ષ્મણ! જે ગુપ્તથી પણ ગુપ્ત, ને તેથી પણ અત્યંત ગુપ્ત પરમતત્ત્વ છે, તે હું તારી આગળ કહું છું. તેને ચિત્તને સાવધાન કરીને સાંભળ. તેને જાણવાથી પુરુષ ભ્રમને ત્યજી દે છે. તેથી સંસાર સત્ય છે વા અસત્ય, એવો સંશય જતો રહે છે. આમાં કહેવાનો ભાવ આમ છે કે, સમગ્ર દૃશ્યાદૃશ્યને આત્મા જાણીને જ આનંદસ્વરૂપ પોતાના આત્મામાં મગ્ન થઈ જાય છે. આ હેતુથી હું પ્રથમ કલ્પિત વ્યવહારનું વર્ણન તારી આગળ કરી બતાવું છું. ને પછી તેની નિવૃત્તિનું સાધન જે વિજ્ઞાનયુક્ત જ્ઞાન તે તને સંભળાવીશ. હે ભાગ્યવાન નાગેશ! બુદ્ધિથી પર ક્રિયારહિત એક ચૈતન્ય આત્મા જ છે, બીજું કાંઈ પણ

શક્તિ કાંઈ ચૈતન્યથી ભિન્ન નથી, કે જેમાં તર્ક બની શકે; પરંતુ વ્યવહારસિદ્ધિને માટે તે જ શક્તિ ચૈતન્યની સત્તાથી મહત્તત્ત્વને ઉત્પન્ન કરે છે.

જેવી રીતે પુરુષનું વીર્ય સ્ત્રીના રજની સાથે સંબંધ પામીને બન્નેનો એક પિંડ બને છે. તેની અંદર અનેક ગુણ રહેલા છે. એવી જ રીતે ચૈતન્યનો અંશ પ્રકૃતિની સાથે મળીને મહત્તત્ત્વ થયું, કે જેમાં સર્વ સંસારના કારણરૂપ જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધરૂપ સૂક્ષ્મ પંચતન્માત્રાદિ અનેક ગુણ રહેલા છે, તે મહત્તત્ત્વથી ચૈતન્યની સત્તાથી ત્રિગુણાત્મક અહંકાર થયો. તે અહંકારથી પ્રથમ સૂક્ષ્મ શબ્દતન્માત્રા પ્રકટ થઈ. ને શબ્દથી આકાશ થયું. તેથી આકાશમાં શબ્દગુણ છે. વળી શબ્દ ને આકાશ સહિત સ્પર્શથી વાયુ થયો. આ કારણથી વાયુમાં શબ્દ ને સ્પર્શ બન્ને ગુણ છે. શબ્દ, આકાશ, સ્પર્શ ને વાયુ સહિત રૂપથી અગ્નિ થયો. તેથી અગ્નિમાં શબ્દ, સ્પર્શ ને રૂપ એ ત્રણે ગુણ છે. શબ્દ, આકાશ, સ્પર્શ, વાયુ, રૂપ ને અગ્નિ સહિત રસમાંથી જળ થયું. આ હેતુથી જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ ને રસ એ ચારે ગુણો છે, તેમજ શબ્દ, આકાશ, સ્પર્શ, વાયુ, રૂપ, અગ્નિ, રસ, ને જળ સહિત ગંધથી પૃથ્વી થઈ. એટલા માટે પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ આ પાંચે ગુણ છે. એવી રીતે ત્રિગુણાત્મક મહત્તત્ત્વથી સૂક્ષ્મતન્માત્રા સહિત પાંચ તત્ત્વ થયાં. તેમાંથી સમગ્ર જગતની રચના થઈ છે. હે વિવેકરૂપ લક્ષ્મણ! તે વાતને પણ સાંભળ. તે પાંચે તત્ત્વના સત્ત્વગુણના અંશમાંથી શ્રોત્ર, ત્વચ, ચક્ષુ, રસના ને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને અંતઃકરણ થયું. રજોગુણના અંશથી વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિયો થઈ અને પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન ને સમાન આ પાંચ પ્રાણ થયા.

જાણીને તેની સેવામાં તત્પર રહે અને ઉપરથી મૃત્તિકા, જળ વગેરેથી શુદ્ધ રહે, અંતઃકરણમાંથી કામક્રોધાદિ વિકારોનો ત્યાગ કરીને શુદ્ધ રહે, અને શિવજીની પૂજામાં સદૈવ જ તત્પર રહે; કેમકે પરમાત્મા શિવજી ઘણા જ શીઘ્ર પ્રસન્ન થઈને કલ્યાણ કરે છે. પરધન અને પરદારાદિથી ચિત્તને હઠાવીને સ્વધર્માનુસાર ચેષ્ટા કરતો એકાંતમાં નિવાસ કરી આત્મજ્ઞાનને અર્થે યત્ન કરે, વિષયી મનુષ્યોના સંગનો સદૈવ જ ત્યાગ કરે; કેમકે પ્રાણી જેવી રીતે ઉષ્ણતાથી દુઃખી તો થાય છે, પરંતુ મૃત્યુને પ્રાપ્ત થઈ જતો નથી. પણ જ્યારે તે જ ગરમીનો સંબંધ થઈને જે પવન લાગે છે, કે જેને લૂ કહે છે, તેથી પ્રાણી શીઘ્ર જ મરી જાય છે. તેવી રીતે વિષયોના સંબંધથી પુરુષ દુઃખી તો થાય છે, પરંતુ નાશ પામતો નથી. પરંતુ વિષયી પુરુષોના સંયોગથી તો મનુષ્ય આ લોક ને પર લોક બન્નેથી નષ્ટભ્રષ્ટ થઇ જાય છે, તેમાં જરા પણ સંદેહ નથી; એટલા માટે દુર્જનોના સંગનો સદૈવ જ ત્યાગ કરવો. અને એક આત્મા સર્વમાં પરિપૂર્ણ રહેલ છે, બીજું કાંઈ નથી, એવી રીતે તદાકારવૃત્તિ થવી અર્થાત્ આત્મપદમાં સ્થિતિ થવી તેને વિજ્ઞાન કહે છે. તે આત્મા કેવો છે? જે મનનો સંકલ્પ, ચિત્તનું ચિંતન, બુદ્ધિનો નિશ્ચય, ને અહંકારનું અભિમાન નથી; તેમજ કામ, ક્રોધ, લોભ ને મોહાદિક પણ જેમાં નથી; તથા આવરણરહિત સ્વયંપ્રકાશરૂપ સૂર્યવત્ પોતાની સત્તા અર્થાત્ પ્રકાશથી મન, ઇન્દ્રિયો ને દેહાદિને પ્રવૃત્તિ કરવાની શક્તિ આપનારો અને પોતે પરે સર્વથી પૃથક્, સદા એકરસ પરિપૂર્ણ, અદ્વિતીય કે જેની સમાન બીજું કોઈ નથી. તે સર્વનો દ્રષ્ટા, અને સ્વાનુભવગમ્ય અર્થાત બુદ્ધિનો પણ વિષય નથી. એવી રીતે ગુરુના ઉપદેશથી અને વેદાન્તશાસ્ત્રના અવલોકનથી જીવાત્મા

છે તેને પણ સાંભળો. યમ[1], નિયમ, આસન, પ્રત્યાહાર, ને પ્રાણાયામાદિ વડે જેનું હૃદય શુદ્ધ છે, અર્થાત્ જેના કામક્રોધાદિ નિવૃત્ત થઈ ગયા છે અને જે ધારણા,[2] ધ્યાન ને સમાધિ વડે શાંત પદમાં સ્થિત થયા છે અથવા વિવેક,[3] વૈરાગ્ય, શમ, દમ, ઉપશમતા, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન ને મુમુક્ષુતા વડે જેનું ચિત્ત શુદ્ધ થયું છે તથા શ્રવણ,[4] મનન, નિદિ-ધ્યાસન ને સાક્ષાત્કાર વડે જ્ઞાનસ્વરૂપ આત્માકાર વૃત્તિ-

---

૧. યમ—પ્રાણીમાત્ર પર દયા રાખવી, સત્ય બોલવું, બ્રહ્મચર્ય અર્થાત્ ઇન્દ્રિયોને જીતવી, ને ચોરી આદિ નિષિદ્ધ ચેષ્ટા કરવી નહિ. નિયમ—શૌચ, સંતોષ, તપ, સદ્ગ્રંથવિચાર, ઈશ્વરભક્તિ, ને ગુરુસેવા. આસન—પદ્માદિ. પ્રત્યાહાર—મન સ્વાધીન. પ્રાણાયામ—શ્વાસ રોકવો.

૨. ધારણા—ચિત્તને એકાગ્ર કરવું. ધ્યાન—પોતાના ઇષ્ટદેવનું હૃદયમાં ધ્યાન કરવું. સમાધિ—અંતઃકરણનું બ્રહ્માકાર પરિણામ થવું.

૩. વિવેક—સત્યાસત્ય વસ્તુનું જ્ઞાન, અર્થાત્ બ્રહ્મ સત્ય છે અને સંસાર અસત્ય છે. વૈરાગ્ય—મિથ્યા જે આ લોક ને પરલોકના ભોગ તેની ઇચ્છાનો ત્યાગ. શમ—મનને રોકવું. દમ—શ્રોત્રાદિ ઇન્દ્રિયોને શબ્દાદિ વિષયોથી રોકવી. ઉપશમતા—સ્વધર્માનુષ્ઠાન કરવું, અર્થાત્ જગતથી ઉપરામ થઈને મોક્ષને માટે યત્ન કરવો. તિતિક્ષા—શીતોષ્ણ ને સુખદુઃખાદિ દ્વંદ્વને સહેવું. શ્રદ્ધા—ગુરુનાં ને વેદાંતનાં વાક્યોને કલ્યાણકારક જાણીને તેમાં દૃઢ વિશ્વાસ રાખવો. સમાધાન—ચિત્તને વિશ્રામ કરવું. અર્થાત્ પૂર્વોક્ત નિયમોને ધારણ કરવા. મુમુક્ષુતા—જન્મસહિત જન્મનની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની ઇચ્છા.

૪ શ્રવણ—સતશાસ્ત્રનો વિચાર કરવો, અથવા શ્રદ્ધાપૂર્વક [illegible] ગુરુના મુખથી શ્રવણ કરવું. મનન—ગુરુમુખથી સાંભળીને એકાંત- [illegible] વિચાર કરવો. નિદિધ્યાસન—ગુરુમુખથી શ્રવણ [illegible] ધારણ કરવાં, અર્થાત્ [illegible]

ત્યારથી તૃષ્ણા નકટી છે. અર્થાત્ સન્મુખ ઊભી રહી શકતી નથી. કેમકે વિચાર કરીને તૃષ્ણા ભણી જોવામાં આવે, તો તૃષ્ણા પણ વંધ્યાના પુત્રની પેઠે મિથ્યા છે. ત્યાર પછી તે તૃષ્ણાએ દુઃખી થઇને પોતાના ભાઈ ખરદૂષણને મોકલ્યા ને કહ્યું કે, 'તેમણે મને તો અંગભંગ કરી નાખી પણ હવે તમે જાઓ.' તૃષ્ણા ન થઈ તો ચાલ્યું, પણ હવે તેમને મોહ તો નિશ્ચય જ થશે. અર્થાત્ રામચંદ્ર એવો વિચાર તો અવશ્યજ કરશે કે રાજા દશરથનું મરણ થવાથી મારી માતા ભાઇ અને પ્રજા સર્વ દુઃખી થશે, તેમની રક્ષા કરવી અવશ્યજ મને ઉચિત છે. એવી રીતે મોહને પ્રાપ્ત થઇને અયોધ્યા પાછા ચાલ્યા જશે. એવું સાંભળીને મોહરૂપ ખરદૂષણ પણ ઘણાએક રાક્ષસોને લઈને ક્રોધિત થઇને આવ્યા; ત્યારે જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીએ મોહરૂપ ખરદૂષણાદિ અનેકાનેક રાક્ષસોને ક્ષણવારમાં નષ્ટ કરી નાખ્યા. તેથી પછી જ્યારે શૂર્પણખાએ અજ્ઞાનરૂપ રાવણ પાસે પોતાની સર્વ હકીકત કહી, ત્યારે રાવણે કામરૂપ મારીચ રાક્ષસને સમજાવ્યું કે, 'ચાલો આ બન્ને બાળકોની સાથે જે અતિ સુંદર સ્રી છે તેને હરી આવીએ.' મારીચ બોલ્યો, 'હે રાક્ષસરાજ! તે બાળક નથી તે તો સાક્ષાત્ જગદીશ્વર સચ્ચિદાનંદ છે. કેમકે એક સમય તે વિશ્વાસરૂપ વિશ્વામિત્રના યજ્ઞમાં આવ્યા હતા, ત્યાં તેમણે હું કામરૂપ મારીચને મુનિના હૃદયમાંથી શબ્દરૂપ એક જ બાણથી કાઢી નાખીને અહીં ફેંકી દીધો છે. ત્યારથી હું તો તેમના પ્રભાવને જાણું છું. અને ભયભીત થઈને અહીં જ પડી રહેલો છું. એટલા માટે તમે પણ એવો વિચાર ન કરો, નહિ તો સારું થશે નહિ.'

આ સાધનના પાછું ફરી રાવણે કહ્યું કે, 'અરે દુષ્ટ! તું મારા કહ્યા પ્રમાણે કરતો નથી? તારી બુદ્ધિ નષ્ટ થઇ ગઇ છે.

આગળ રાવણે દુઃખી કરેલો તે ધર્મરૂપ જટાયુ પડ્યો હતો તે સ્થળે આવી પહોંચ્યા. તે જટાયુ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીનાં દર્શન કરીને કૃતકૃત્ય થઈને ભગવાનશ્રીના ચરણોમાં આવી પડ્યો, અને થોડા વખત સુધી તો જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રનાં દર્શનરૂપ સુખસમુદ્રમાં ડૂબી રહ્યો. પણ પછી ઊભો થઈને જે મૂર્તિને હૃદયમાં જોઇ રહ્યો હતો, તેને સન્મુખ પ્રત્યક્ષ જોઈને સ્તુતિ કરવા લાગ્યો. ધર્મરૂપ જટાયુ બોલ્યો કે, 'હે સીતાપતે ! જોકે આપનું સ્વરૂપ માયાની પાર, તોલમાપથી રહિત છે, તથાપિ આપે આપના ભક્તોને માટે માયામય સ્વરૂપ ધારણ કર્યું છે, કે જેને હું આ સમય આ નેત્રોથી જોઈ રહ્યો છું, તેથી મારાં ધન્યભાગ્ય છે. હે પતિતપાવન ! આપનું ધ્યાન બ્રહ્માદિ દેવતા પણ કરે છે. કેમકે સંસારસમુદ્રથી પાર થવાનો આધાર કેવળ આપના ધ્યાનરૂપ નૌકા જ છે. બીજો કોઇ પણ નથી.

હે જગદીશ્વર ! જે કોઈ પુરુષ આપના ધ્યાનરૂપ નૌકાનો ત્યાગ કરીને અન્ય વસ્તુનો આશ્રય લે છે, તે પુરુષ આ સંસારસમુદ્રમાં જ ડૂબકાં ખાતો ખાતો રાગદ્વેષાદિ ગ્રાહોનો ગ્રાસ થઈ જાય છે. હે રઘુવંશભૂષણ ! આપ અંતર્યામીરૂપે સર્વના હૃદયમાં સ્થિત છો. પરંતુ જે પુરુષ આપથી વિમુખ છે, અને આપને અંતર્યામી રૂપ જાણીને પણ અનર્થ કરે છે, તેને વારંવાર ધિક્કાર છે ! જે આપથી બહિર્મુખ થઈને અનેક પ્રકારનાં દુઃખ પામે છે છતાં પણ પાછા વિષયાસક્ત જ રહે છે. તેમને ધિક્કાર છે હે સર્વસુખદાયક ! જે પુરુષ આપની ભક્તિને તજીને જગતના પદાર્થોમાંથી સુખને ઇચ્છે છે, તે મહા મૂર્ખ છે કેમકે તે વસ્તુથી તુ[illegible] [illegible] [illegible] કે જેમા [illegible] [illegible] પાપો તો નિશ્ચય [illegible] ને [illegible] છે તેના[illegible] [illegible] આશરો કરવો તે [illegible] કોઈ પુરુષ

થાય; છતાં જગત પણ પ્રતીત થઇ રહેલું છે! એવી આપની અદ્ભુત લીલાને જોઇને બુદ્ધિ કંઈ કામ કરી શકતી નથી. પરંતુ જેના ઉપર આપની કૃપા થાય તે જ પુરુષ આ અણઉપજેલી જગતજાળથી છૂટીને આપને જાણે છે. જે આપની માયા વડે મોહિત થઈ રહેલો છે અર્થાત્ શબ્દ, સ્પર્શાદિ વિષયોમાં આસક્ત થાય છે, તે પુરુષ આપને જાણી શકતો નથી. હે જગતના કારણરૂપ માયાધિપતિ! આપનાં દર્શનની આકર્ષણશક્તિથી જ આ મારું શરીર રહ્યું હતું; નહિ તો ક્યારનો દેહને પ્રાણનો વિયોગ થઇ ગયો હોત. કેમકે જગન્માતા શાંતિરૂપિણી સીતાજીને અજ્ઞાનરૂપ રાવણ છળીને લઈ જતો હતો, તે વખતે મેં તે દુષ્ટને રોક્યો, અને અનેક પ્રકારે દુઃખી પણ કર્યો. પરંતુ તે ચંડાળે મને તો અંગભંગ કરીને પડતો મેલ્યો અને સીતાજીને લઇ ગયો. હે રઘુવંશભૂષણ! ત્યારથી હું આપનાં દર્શનની અભિલાષાથી અહીંયાં જ પડ્યો રહેલો છું, તે હવે આપનાં દર્શનથી કૃતકૃત્ય થયો છું. હે નાથ! તે અજ્ઞાનરૂપ રાવણનો નાશ કરવાને તો આપની કૃપાથી હું ધર્મરૂપ જટાયુ સમર્થ હતો જ, પરંતુ આપનો નિયત કરેલો જે વ્યવહાર તેનું ઉલ્લંઘન કોણ કરી શકે છે? હે સ્વામિન્! આપનો મહિમા આપ જ જાણો છો. જેનો પાર બ્રહ્માદિ દેવતા પણ પામી શકતા નથી; તેને કહેવાને હું તુચ્છબુદ્ધિ માંસાહારી પક્ષી કેવી રીતે સમર્થ થઈ શકું? હું તો આપનાં પવિત્ર દર્શનથી મારા જન્મને જ સફળ કરતો આપના પરમધામમાં જાઉં છું.'

આમ વાત કહીને તે ધર્મરૂપ જટાયુ જ્ઞાનસ્વરૂપ શ્રીરામચંદ્રજીના સન્મુખ આળોટવા લાગ્યો. ત્યારે પ્રસન્ન થઈને શ્રીરામચંદ્રજીએ જટાયુને કહ્યું કે, 'હું તારા શરીરને સારું કરી દઉં છું.' ત્યારે જટાયુએ કહ્યું 'હે સ્વામિન્! સંત લોકો

શ્રીરામચંદ્રજી પણ ત્યાં જઈ ચડ્યા. ત્યારે તે શબરી દૂરથી જ તેમને જોઇને મુનિનાં વચનનું સ્મરણ કરીને દોડી અને જઇને ભગવાનશ્રીનાં ચરણોમાં બેશુદ્ધ થઇને પડી ગઇ. ફરી ઊઠીને જ્ઞાનસ્વરૂપ શ્રીરઘુનાથજીને જોઈ અંતરમાં ભક્તિવાળી તે પ્રીતિરૂપ શબરી અચલ અનુરાગયુક્ત ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરવા લાગી:

'હે રાજેન્દ્ર! હે જ્ઞાનસ્વરૂપ રામ! આપને મારા નમસ્કાર છે. જેના મહિમાનો કોઇ પણ પાર પામી શકતું નથી એવા અમાપ તેજવાળા, મહાન બળવાન, શાંત સ્વભાવવાળા આપને મારા નમસ્કાર છે. હે જગતના ઉત્પત્તિ, પાલન ને સંહારના કારણરૂપ વાસ્તવ પ્રકૃતિથી પર, સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ! આપને મારા નમસ્કર છે. હે ચરાચરમાં સત્તાસ્ફૂર્તિરૂપથી વ્યાપક! આપને મારા નમસ્કાર છે. હે રાઘવ! આપ જગતમાં તંતુપટવત્ વ્યાપક છો, અને આપમાં સંસાર કટકકુંડલાદિવત્ કલ્પિત છે. એવા જે વ્યાપ્યવ્યાપકરૂપ આપ છો તે આપને મારા નમસ્કાર છે. હે નાથ! જ્યાં સુધી પુરુષ આપને જાણતો નથી ત્યાં સુધી દુઃખરૂપ બંધનમાં બંધાયેલો રહે છે, પણ જ્યારે આપના વાસ્તવ સ્વરૂપને જાણે છે, ત્યારે તે સર્વ બંધનોથી છૂટીને આપસ્વરૂપ જ થઇ જાય છે. એવાં સઘળાં દુઃખોથી છોડાવનારા આનંદઘન જે આપ જ્ઞાનસ્વરૂપ છો તેને તજીને અંતે દુઃખદાયી સ્ત્રી, પુત્ર, ભાઈ, બંધુ, ધન, ને ધામાદિને માટે જે પુરુષ અનર્થ કરે છે. તેને વારંવાર ધિક્કાર છે. હે જગદીશ્વર! આપ નિર્ગુણ નિરાકાર અલખ નિરંજન છો, અને આપના રોમેરોમમાં અનંતકોટિ બ્રહ્માંડ છે. એવું જે આપનું વિલક્ષણ સ્વરૂપ છે. તેને મારા નમસ્કાર છે. હે સ્વામી! શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, પ્રાણ—એ જ્ઞાનેંદ્રિય તથા વાક્, પાણિ, પાદ, વાયુ ને ઉપસ્થ—એ કર્મેંદ્રિય આપમાં નથી. વળી આપથી આ સર્વ

…શ્વર! શાંતિરૂપિણી જાનકી પણ પોતાના કમલવત્ કરોથી …નાં ફળફૂલ શુદ્ધ કરીકરીને અતિ શ્રદ્ધાથી મને ભોજન …વતી હતી; પરંતુ જેવી મીઠાશ આ બોર ખાવાથી અનુભ…ય છે, તેવી મીઠાશ તે ફળફૂલોમાં પણ મેં કદી અનુભવી …હોતી. વળી હે નાગેશ! અનેક ઋષિમુનિ અને રાજાઓએ …ને યજ્ઞોનાં ફળ અર્પણ કરેલાં છે; પરન્તુ હું જેવો આ બોરોના …ર્પણથી તૃપ્ત થયો છું, તેવો તૃપ્ત તે યજ્ઞોથી થયો નથી.'

એવી રીતે અન્તર્યામી ભક્તવત્સલ જ્ઞાનસ્વરૂપ શ્રીરામ…ચંદ્રજીએ તે પ્રીતિરૂપ શબરીની પ્રશંસા કરતાં કરતાં સુકાયેલાં બોરોને આરોગ્યાં. અને શબરી તો આનંદમાં એવી ડૂબી, કે તેને એમ પણ શુદ્ધિ રહી નહિ કે મારા સ્થાન પર કોણ આવેલું છે, અને હું કોણ છું તથા ક્યાં છું? એવો પ્રેમ જોઈને શ્રીરામચંદ્રજીએ તેને ગળે બઝાડી દીધી.

તે વખતે તે શબરી સાવધાન થઈને બન્ને હાથ જોડીને કહેવા લાગી કે, 'હે નાથ! પ્રથમ તો સ્ત્રીની જાત જ અધમથી પણ અધમ છે. વળી બીજું પાછી તેમાં પણ હું મતિમંદ, વનમાં રહેનારી પશુ સમાન પ્રમાદ સિવાય આપની ભક્તિનો જેનામાં લેશ પણ નથી એવી છું. તે હું આપની સ્તુતિ કેવી રીતે કરી શકું? હે જગદીશ્વર! જે પુરુષ, સ્ત્રી, પુત્ર, ધન અને વિદ્યા, બળ તથા પ્રતિષ્ઠા વડે યુક્ત છે, પણ આપના ચરણોમાં પ્રીતિ નથી, તે પુરુષ બકરીના ગળાના આંચળની પેઠે નિષ્ફળ જન્મ પામેલો છે. હે સ્વામી! હું તો ધન, જાતિ, વિદ્યા અને આપની ભક્તિ એ સર્વથી હીન છું; પરંતુ આપે આજ હું પતિતને કૃતાર્થ કરી છે. બસ, એવી દયાળુતાની સ્તુતિ કોણ કરી શકે તેમ છે?'

એવી રીતે કહીને તે ફરી ચરણોમાં આળોટી પડી. ત્યારે રામચંદ્રજીએ તેના માથા પર હાથ રાખીને કહ્યું કે, 'હે